RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 278 Dt. 23-04-2025 Page : 08 Price : Rs 3

**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA

**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







# J&Kમાં આતંકીઓના હરામીવેળા

# ૨૮ થી વધુના મોત

## પહેલગામમાં પ્રવાસીઓ પર ચાર આંતકીઓએ કર્યો ગોળીબાર : બે વિદેશીઓએ ગુમાવ્યા જીવ : ૫૦ રાઉન્ડ ફાયરિંગ : ઘોડે સવારી કરી રહેલા પ્રવાસીઓને પંજાબીમાં ધર્મ વિશે પૂછી કર્યું અંધાધૂંધ ફાયરિંગ



નવીદિલ્હી, તા. ૨૨

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલામાં ૨૭ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. માર્યા ગયેલાઓમાં બે વિદેશીઓ પણ સામેલ છે. એક વ્યક્તિ ઈઝરાયલનો છે અને બીજો ઈટાલીનો છે. ગૃહમંત્રી અમિત શાહ હવે શ્રીનગર પહોંચી ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે કુલ ચાર આતંકવાદીઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો, જેમાંથી ત્રણ પાકિસ્તાની અને એક સ્થાનિક કાશ્મીરી છે. બપોરે જ્યારે આ ઘટના બની ત્યારે પ્રવાસીઓ ત્યાં ઘોડેસવારી કરી રહ્યા હતા. પછી આતંકવાદીઓ ત્યાં પહોંચ્યા અને પર્યટકને પંજાબીમાં તેના ધર્મ વિશે પૂછ્યું. તેમની ઓળખ સ્થાપિત થયા પછી, લોકોને મારી નાખવામાં આવ્યા. આ દરમિયાન લગભગ ૫૦ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું. અમેરિકાના રાષ્ટ્રપતિ જેડી વાન્સે પહેલગામ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું

સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃત્યુ પામેલા મોટાભાગના પુરુષો હતા. મંગળવારે બપોરે આતંકવાદીઓએ પ્રવાસીઓ પર મોટો હુમલો કર્યો. આતંકવાદીઓએ પ્રવાસીઓના નામ પૂછ્યા અને પછી તેમના પર ગોળીબાર કર્યો. અનંતનાગ જિલ્લાના બૈસરન ખીણના ઉપરના વિસ્તારોમાં પ્રવાસીઓ ફરતા હતા, ત્યારે અચાનક તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો. પીએમ નરેન્દ્ર મોદી હાલમાં સાઉદી અરેબિયામાં છે. પીએમએ સાઉદીથી ગૃહમંત્રી અમિત શાહને ફોન કર્યો અને તેમને તાત્કાલિક પહેલગામ જવા નિર્દેશ આપ્યો.

ગૃહમંત્રી દિલ્હીથી પહેલગામ જવા રવાના થઈ ગયા છે. આ પહેલા અમિત શાહે આઈબી ચીફ, જમ્મુ અને કાશ્મીરના ડીજી અને સેના અને સીઆરપીએફના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી હતી. આ બેઠકમાં પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉપલબ્ધ હતા. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પણ આ ઘટના અંગે ખૂબ જ ગંભીર છે. તે તરત જ પહેલગામ જવા રવાના થઈ રહ્યો છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ગૃહમંત્રી અમિત શાહે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં સેના, ઈછ્ઙ્ઞ્ૠ અને જમ્મુ-કાશ્મીર પોલીસ ઉપરાંત જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ કુમાર સિંહા સહિતના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રહ્યા હતા. ગુપ્તચર સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓ પ્રવાસીઓના એક મોટા જૂથને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યા હતા. ગુનો કર્યા પછી, બધા આતંકવાદીઓ ભાગી ગયા. પ્રવાસીઓને આયોજનબદ્ધ રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઉનાળાની ઋતુ દરમિયાન, ખીણમાં પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે. પ્રવાસીઓને નિશાન બનાવીને, આતંકવાદીઓ જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસીઓના પ્રવેશને રોકવા માંગે છે.

### મૃતકોની યાદીમાં એક ગુજરાતી

મંજુનાથ શિવામુ-કર્ણાટકા, વિનય નારવલ-હરિયાણા, શુભમ દ્વિવેદી-યુપી, દિલીપ જયરામ દેસલે-મહારાષ્ટ્ર, સુનદીપ નેઉપાને-નેપાળ, બિતન અધિકારી, ઉધવાણી કુમાર-યુએઈ, અતુલ શ્રીકાંત મોને-મહારાષ્ટ્ર, સંજય લખન લેલે, સયદ હુશન શાહ-અનંદનાગ જમ્મુ-કાશ્મીર, હિમત કલાથિયા-સુરત, પ્રશાંત બાલેશ્વર, મનિષ રંજન, રામચંદ્રમ્, શાલીં દર કાલપીચ, શિવમ મોગા-કર્ણાટક

### ઈજાગ્રસ્તોમાં ત્રણ ગુજરાતી

ગુજરાતના ત્રણ પ્રવાસી પર હુમલો થયો હોવાનું પણ જાણવા મળ્યું છે જેમાં ભાવનગરના વિનોદભાઈ ભટ્ટ માનિક પટેલ અને રીનો પાંડે, એસ.બાલચંદ્રુ, ડો. પરમેશ્વરમ્, અભિજીવમ્ રાઉ, સંત્રુ આગે, શસીકુમારી, બાલચંદ્ર, શોભિત પટેલ ઈજાગ્રસ્ત થયા છે.







### શ્રીનગરમાં મીણબત્તી કૂચ કાઢવામાં આવી

શ્રીનગરના સ્થાનિક લોકોએ પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં મીણબત્તી પ્રગટાવી વિરોધ પ્રદર્શન કર્યું. મક્કા માર્કેટના મહામંત્રી ફયાઝ અહેમદ ભટ્ટે જણાવ્યું હતું કે અમે માનવતા વિરુદ્ધના આ હુમલાની નિંદા કરીએ છીએ.

### આતંકવાદીઓ સેનાના ગણવેશમાં હતા

જે જગ્યાએ હુમલો થયો ત્યાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા નહોતી. આતંકવાદીઓએ આનો ફાયદો ઉઠાવ્યો. તેઓ લશ્કરી ગણવેશમાં આવ્યા અને પ્રવાસીઓ પાસેથી ઓળખપત્ર માંગવા લાગ્યા. આ પછી, આતંકવાદીઓએ બધા પ્રવાસીઓ પર ગોળીબાર શરૂ કરી દીધો, જે હિન્દુ હતા. સુરક્ષા દળોને હુમલાની માહિતી મેળવવા અને ઘટનાસ્થળે પહોંચવામાં 30 મિનિટ લાગી. આ સમય દરમિયાન આતંકવાદીઓ ટેકરીઓ તરફ ભાગી ગયા. હાલમાં તેની હત્યા કે ધરપકડ અંગે કોઈ માહિતી નથી.

### અમિત શાહ ઘાયલોને મળશે અને કાલે પહેલગામ જશે

ગૃહમંત્રી અમિત શાહ શ્રીનગર પહોંચ્યા અને સીધા રાજભવન ગયા. ત્યાં તેઓ ઈંઈ ચીફ અને લેફ્ટનન્ટ ગવર્નર સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરી રહ્યા છે. આ પછી તે ઘાયલોને મળવા માટે હોસ્પિટલ જશે. માહિતી આવી રહી છે કે કાલે સવારે પહેલગામ જવાનો કાર્યક્રમ છે.

# રાજકોટ CGSTમાં સુપ્રિટેન્ડન્ટની જગ્યા તૂર્તમાં ભરાશે

## કામચલાવ વ્યવસ્થા માટે અન્ય અધિકારીઓને સોંપવામાં આવી શકે છે ચાર્જ : અનેક તર્ક વિતર્ક

રાજકોટ, તા. ૨૨

છેલ્લા ઘણા સમયથી કેન્દ્રીય એજન્સીઓમાં ફેરબદલ થવાની વાતો ચાલી રહી છે તેમાં પણ સેન્ટ્રલ જીએસટી ઈન્વેસ્ટિગેશન વિભાગમાં જે ઈન્સ્પેક્ટર અને સુપ્રિટેન્ડન્ટ હોય તેની ભરતી થાય તેવા વાવડો મળી રહ્યા છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ રાજકોટ સેન્ટ્રલ જીએસટી માં અપીલમાં રહેલા સુપ્રીટેન્ડેન્ટ અધિકારીઓ ની જે ખાલી પડેલી જગ્યાઓ છે તેમાં હવે ગમે તે સમયે ઓર્ડર થઈ શકે છે કારણ કે આ ખાલી પડેલી જગ્યાઓના કારણે જે કામો ને વેગ મળવો જોઈએ તે મળી શકતો નથી અને ઘણા ખરા કિસ્સાઓમાં વિભાગ અને અરજદારોને હેરાનગતિનો સામનો પણ કરવો પડે છે.

સેન્ટ્રલ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટ CGST અપીલમાં સુપ્રિટેન્ડેન્ટ અધિકારીઓની ખાલી જગ્યાઓ પર ગમે ત્યારે નવા અધિકારીઓને ચાર્જ સોંપવામાં આવે તેવી શકયતા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટર ટેકસિસ દ્વારા તાજેતરમાં જ આસીસ્ટન્ટ કમિશનરથી લઈને પ્રિન્સીપલ ચીફ કમિશનરની નિમણૂક કરાયા બાદ હવે અન્ય શહેરોમાં પણ નિમણૂક કરાશે.

આ ઉપરાંત રાજકોટ હેડકવાર્ટર સીજીએસટી પ્રિવેન્ટીવમાંથી બે સિનિયર અધિકારીઓનો સમયગાળો પૂર્ણ થયો છે. આથી તેમની બદલી કરીને તેમના સ્થાને નવા બે સિનિયર અધિકારીની નિમણૂક આપવામાં આવશે. તેમજ DGGI માંથી એક અધિકારીએ એકસ્ટેન્શન માટે અરજી આપી હોવાનું સંભળાઈ રહ્યું છે ત્યારે તમામ પાંચ નવા જ સુપ્રિન્ટેન્ડેન્ટની નિમણૂક કરવામાં આવે તેવી શકયતા છે. તેમજ ઈન્સપેક્ટર્સના પણ ઓર્ડર ટૂંક સમયમાં થઈ શકે છે. આ અંગે જીએસટી વિભાગના સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે



કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેકટ ટેકસિસ દ્વારા તમામ કેડરના અધિકારીઓની જથ્થાબંધ બદલી કરવામાં આવી છે ત્યારે અમદાવાદ ઝોનમાં નવા સૌજીએસટી કે મિશનર એસ.કે.મલની નિમણૂક કરવામાં આવ્યા બાદ હવે રાજકોટ અને ગાંધીધામ રીજીયોનલ યુનિટમાંથી પણ ટુંક સમયમાં આંતરિક બદલી કરવામાં આવશે એવું જીએસટી વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જેના એ.જી.ટી. ઓર્ડર ગમે ત્યારે જાહેર થઈ શકે છે.

સામાન્ય રીતે CBIC દ્વારા કસ્ટમ્સ-સીજીએસટી અને સીજીએસટી ટુ કસ્ટમ્સ મુજબ આંતરિક બદલી કરવામાં આવતી હોય છે. આ બદલી માટેની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સીજીએસટી ઉપરાંત ડીજીજીઆઈ રાજકોટ અને ગાંધધામ રીજીયોનલ યુનિટમાંથી પાંચને બદલી સીજીએસટીમાં થશે. જયારે અન્ય પાંચ અધિકારીઓની રાજકોટ ડીજીજીઆઈમાં નિમણૂંક કરવામાં આવશે. આ ઉપરાંત જોઈન્ટ કમિશનર તપા આસિસ્ટન્ટ ડેપ્યુટી કમિરાનરની પણ અરસ-પરસ બદલીઓ આ મહિનામાં અંત સુધીમાં થઈ જશે તેવું ચર્ચાઈ રહ્યું છે. સેન્ટ્રલ જીએસટીમાં બદલી બાદ આવકવેરા વિભાગમાં પણ તાકીદે આ બાબતે બદલ્યો કરવામાં આવે તેવી વિગતો સામે આવી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે જે ખાલી પડેલી જગ્યાઓ છે તે કેટલા સમયમાં ભરવામાં આવશે કારણ કે હાલ કામનું જે ભારણ છે તે પણ સતત વધી રહ્યું છે અને સામે અધિકારીઓ ન હોવાથી પણ ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

હાલ અપીલ કમિશનરની બદલી થતાં જે અપીલના કેસો છે તે પણ ઝડપથી આગળ વધી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં લેવલના કામગીરીમાં પણ ઝડપ આવે તે માટે હાલ રાજકોટ સેન્ટ્રલ જીએસટી ભવનમાં તે તમામ પાંચ સુપ્રિટેન્ડેન્ટ ને મૂકવામાં આવ્યો અથવા તો તેનો વધારાનો ચાર્જ અન્ય અધિકારીને સોંપવામાં આવે અને કામચલાઉ વ્યવસ્થા હાથ ધરાઈ તેવું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

બળજબરીની વધી રહેલી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારોઃ વિકૃતો અટકતા જ નથી

# યુવતિ પર બળાત્કાર ગુજારી બેફામ ધોલધપાટઃ હાલત ગંભીર

## બીજી ઘટનામાં યુવતિને ઘેની જ્યુસ પાઈ બેભાન કરી દેહ પીંખ્યોઃ ફોટા પાડી બ્લેકમેઈલ કરી સતત શોષણઃ હવસખોરને તેની પત્નિએ પણ મદદ કરીઃ બંનેની ધરપકડ

રાજકોટઃ પજવણી, છેડતી, દૂષ્કર્મ, બળજબરીની ઘટનાઓ રોજબરોજ સામે આવતી રહે છે. વધુ આવા બનાવ પોલીસ સુધી પહોંચ્યા છે. એક ચોંકાવનારી ઘટનામાં એક યુવતિ પર બળાત્કાર ગુજારાયા બાદ તેને ઢોર માર મારવામાં આવતાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં એક મહિલાને ઘેની પ્રવાહી પીવડાવી બળજબરી આચરવામાં આવી હતી. આ કિસ્સામાં હવસખોરને તેની પત્નિએ પણ મદદ કરી હોઈ પોલીસે બંનેને દબોચી લઈ કાર્યવાહી કરી હતી.



ઘટના પર નજર કરીએ તો ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના એક ગામમાં યુવતી પર દુષ્કર્મ આચરી તેને મારવામાં આવ્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ મામલે જંબુસર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. આ આરોપી પિતા-પુત્ર છે, તેને રિમાન્ડ પર લેવા કાર્યવાહી થઈ હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર જંબુસરમાં દુષ્કર્મના વધુ એક બનાવ સામે આવતા સમગ્ર પંથક ચકચાર મચી જવા પામી છે. જંબુસરના એક ગામમાં રહેતી યુવતી પર સફવાન નામના યુવકે દુષ્કર્મ આચર્યુ હોવાના આક્ષેપ યુવતીએ કર્યા હતો. ત્યારબાદ સફવાન યુવતીને તેની બહેનના ઘરની બહાર ફેંકી ફરાર થઈ ગયો હતો. બળાત્કાર અને મારામારીના ગંભીર ગુનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં બે આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમિયાએ તાત્કાલિક ટીમ બનાવી આરોપી સફવાન હસન મોલા અને તેના પિતા હસન અલી મોલાની પણ આ કેસમાં સંડોવણી જણાતા બંનેને ઝડપી લીધા છે. જિલ્લા પોલીસે ઘટના અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ મામલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવતીને પ્રથમ સારવાર અર્થે જંબુસરની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, યુવતીની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે જંબુસરથી સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. યુવતીએ પોલીસમાં આરોપી સફવાન સામે દુષ્કર્મની અને તેના પિતા અને ભાઈઓ સહિત કુલ ચાર લોકો સામે માર મારવાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે યુવતીની ફરિયાદના આધારે યુવક અને તેના પરિવારના લોકોને ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા હતાં. અગાઉ આ બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાની પણ ચર્ચા છે.

બીજી ઘટનામાં ભુજના માધાપરમાં રહેતી મહિલાને જ્યુસને બહાને કેફી પીણું પીવડાવી તેના બીભત્સ ફોટો પાડી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવનાર કેમ્પ એરીયાના દંપતીને પોલીસે દબોચી લીધા હતા. માધાપર પોલીસ મથકે આરોપી સલીમ મામદ કુંભાર અને તેની પત્નિ હમીદા કુંભાર સામે ગુનો નોધાયો હતો. જેમાં ફરિયાદી મહિલાના જણાવ્યા પ્રમાણે આરોપીએ તેના દીકરાના જન્મ દિવસ નિમિતે ફરિયાદીને ઘરે બોલાવી હતી. ત્યારે જ્યુસમાં કેફી પદાર્થ ભેળવી તેના ફોટો પાડી વાયરલ કરવાની ધમકી આપી હતી અને આરોપીએ ફરિયાદી પાસેથી રૂપિયા પચાસ હજાર પડાવી લીધા હતા.

ભોગ બનનાર મહિલા માધાપર એકલા રહેતાં હોઈ આરોપી અવારનવાર તેમના ઘરે જઈ ફરિયાદીની દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ મામલે ગુનો દાખલ થયા બાદ માધાપર પોલીસે આરોપી દંપતીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી વિરૂધ્ધ ભુજ શહેર એ અને બી ડીવીઝન પોલીસ મથકે પાંચ ગુના નોધાયેલા છે.આ ઉપરાંત આરોપીએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ એકસો વીસ અરજીઓ કરી છે જેમાંથી તેર અરજીઓ પોલીસ વિરૂધ્ધની છે.

# હેમુગઢવી હોલ પાછળના હોકર્સ ઝોન પર આરોગ્યના દરોડા

## ૧૭ નમૂનાની સ્થળ પર કરાઈ ચકાસણી : મહાદેવ પાઉંભાજી, જે જે ઘૂઘરા, સહિત અનેક પર તવાઈ

રાજકોટ, તા. ૨૨



ઉનાળાની ઋતુમાં લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે જેના ભાગરૂપે હાલ તમામ જરૂરી પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં સમયાંતરે વિવિધ ખાદ્ય ખોરાકની ચીજ વસ્તુનું વેચાણ કરતા વિગ્રહતા ઉપર તપાસ અને દરોડા પણ પાડવામાં આવતા હોય છે અને સ્થળ પર જ ઘણાખરા નમૂનાની તપાસ થતી હોય છે ત્યારે ગઈકાલે હેમુ ગઢવી હોલ પાછળ આવેલા હોકર્સ ઝોનમાં તપાસ કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના હેમુગઢવી હોલ પાછળ -હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૭ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૧ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. બીજી તરફ લાઈસન્સ મેળવવા બાબતે મહાદેવ પાઉંભાજી, જે જે ઘૂઘરા, મહાદેવ દાળ-પકવાન, બોમ્બે પાઉંભાજી, બાલાજી દાળપકવાન, કદમ્બ દાબેલી, શ્રીજી બ્રેડ સેન્ટર , આશાપુરા દાળપકવાન, રાજ દાળપકવાન ,જે જે બ્રેડપકોડા, રાજ મેગી સેન્ટર, જય જુલેલાલ સમોસા, કરીમ'સ એગ સેન્ટર , મારુતિ અલ્પાહાર ,ગિરિરાજ ઘૂઘરા, એચ.કે. ઈડલી સંભાર , રાજ સ્નેકસની ચકાસણી કરવામાં આવી હતી.

### લેવાયેલ નમૂનાની વિગત

(૧) વેનીલા આઈસ્ક્રીમ (લુઝ): સ્થળ- સોનારૂપા પાર્લર, ભક્તિનગર સોસાયટી સર્કલ, ૮૦ ફૂટ રોડ, મેઘાણી રંગ ભવન સામે, રાજકોટ.
(૨) ઓરિયો કુકીઝ આઈસ્ક્રીમ (લુઝ): સ્થળ- સોનારૂપા પાર્લર, ભક્તિનગર સોસાયટી સર્કલ, ૮૦ ફૂટ રોડ, મેઘાણી રંગ ભવન સામે, રાજકોટ.
(૩) બરફ ગોલાનું કાચી કેરી ફ્લેવર સિન્થેટીક સિરપ (લુઝ): સ્થળ- સાંજ ગોલા એન્ડ રસ સેન્ટર, શ્રીરાજ પ્લાઝા શોપ નં. ૧, વાંકાનેર સોસાયટી, જામનગર રોડ, રાજકોટ.
(૪) HARSH NATURAL FARM (JAGGERY) (FROM 500 GM PKD): સ્થળ -AGRI SYNC NEXUS PVT. LTD., ફ્લોરા આઈકોન શોપ નં.૦૬, અંબામાં મંદિર સામે, અંબિકા ટાઉનશિપ, રાજકોટ
(૫) GAUTAM NATURAL FARM PEANUT OIL (500 ML PKD BOTLE): સ્થળ -AGRI SYNC NEXUS PVT. LTD., ફ્લોરા આઈકોન શોપ નં.૦૬, અંબામાં મંદિર સામે, અંબિકા ટાઉનશિપ, રાજકોટ
(૬) SATTVAGUN ORGANIC GROUNDNUT OIL (1 LTR. PACK BOTTLE): સ્થળ -AGRI SYNC NEXUS PVT. LTD., ફ્લોરા આઈકોન શોપ નં.૦૬, અંબામાં મંદિર સામે, અંબિકા ટાઉનશિપ, રાજકોટ

# ઈસ્ટ ઝોન ખાતે પોષણ પખવાડીયાની ઉજવણી

## સગર્ભાના ૧૦૦૦ દિવશનું મહત્વ આવ્યું સમજાવવામાં



રાજકોટ તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગના ઈસ્ટ ઝોન સી.વી.ડી. સેજાની ખાતે પોષણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડી કાર્યકર તેમજ હેલ્પર બહેનો દ્વારા પોષણ પખવાડિયા અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગના ઈસ્ટ ઝોન સી.વી.ડી. સેજાની ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વિભાગીય નાયાબ નિયામક પુર્વીબેન પાંચાલ, વંદનાબેન સોલંકી, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેશાઈ, પૂર્ણા કન્સલટ્ન્ટ જયશ્રીબેન ભાયાણી, ક્જઊ એક્તાબેન કકાડિયા, સુપરવાઈઝર મહેશ્બાની ઉપસ્થિતિ રહ્યા હતા.પ્રોગ્રામ ઓફિસર દ્વારા પ્રથમ સગર્ભાના ૧૦૦૦ દિવશનું મહત્વ સમજાવી અને તેને મળવાપાત્ર લાભો વિશે સમજાવવામાં આવેલ. તીળ બાળકોની ઓળખ કરી અને તેને પોષણ અને તેની સારવાર વિશે માર્ગદર્શન આપેલ. કિશોરીઓ/સગર્ભા/તેમજ ધાત્રી માતાને પોષણયુક્ત ખોરાક આપી બાળકનું અને કિશોરીઓનું જીવન સ્વસ્થ કઈ રીતે બને એ બાબત ખૂબ જ સરળ રીતે માર્ગદર્શન આપેલ. અંપ્રાશન કરાવેલ અને બાળ દિવસની ઉજવણી પોષણ પખવાડિયા અંતર્ગત આગંવાડી પર કરવામાં આવેલ હતી પ્રોગ્રામ ઓફિસર દ્વારા સગર્ભા/ધાત્રીઓને પણ ટીએચઆર વિશે સમજણ આપવામાં આવેલ. શાળાએ ન જતી કિશોરીઓને શાળાએ જવા માટે સમજણ આપવામાં આવેલ હતી અને કુપોષણમાંથી કઈ રીતે બહાર સગર્ભા સ્ત્રીઓ તથા ધાત્રી માતાઓ તથા કિશોરીઓ તથા બાળકોને લાવવા તે વિશે સમજણ પણ આપવામાં આવેલ હતી. વિં માંથી બનતી વાનગીઓ વિશે પૂરતું માર્ગદર્શન આપી તેમાંથી બનતી વાનગીઓમાંથી સગર્ભા ધાત્રી કિશોરી અને બાળકની માતાને પોષણ મળી રહે તે અંગે પણ માર્ગદર્શન આપી પોષણ ઉત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ છે.

સાથે ભણતાં ત્યારે થયેલી મિત્રતા વખતે ફોટા-વિડીયો ઉતારી હવે બ્લેકમેઈલીંગ ચાલુ કર્યુઃ વાત અંતે પોલીસ સુધી પહોંચી

# એકતરફી પ્રેમીએ છાત્રાના ઘરે જઈ આદર્યું ડીંડક

## કહેવાતા પ્રેમીએ બૂમબરાડા પાડી કહ્યું-કાં તો મરી જઈશ કાં તો તમારી દિકરીને મારી નાંખીશઃ ગભરાયેલા વાલીઓએ પોલીસને જાણ કરતાં થઈ કાર્યવાહી

### બીજા બનાવમાં તેર વર્ષની બાળાને એકવીસ વર્ષના ઢગાએ પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી દીધી

રાજકોટઃ પ્રેમમાં પડવું એમાં ગુનો નથી, ખોટુ નથી. પરંતુ કોઈની પાછળ હાથ ધોઈને પડી જવું શાહરૂખી સ્ટાઈલ એકતરફી પ્રેમમાં પડી કોઈના જીવતરને બગાડવું એ ચોક્કસપણે ગુનાખોરી છે. અનેક એવા એકતરફી રોમીયાઓ હોય છે જે કોઈ છાત્રા કે યુવતિ કે પછી પરિણીતાની પાછળ પડી જતાં હોય છે. સામા છેડેથી કોઈપણ રિસ્પોન્સ ન હોય છતાં આવા એકતરફી પ્રેમલાઓ મંડાઈ પડતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક વિદ્યાર્થી કે હવે પુખ્ત વયનો થઈ ગયો છે તે એકતરફી પ્રેમમાં પાગલ થઈ ગયો હતો. શાળાએ જતી વખતે એક જ સ્કૂલ વેનમાં ભેગા થતાં આ છાત્ર એક છાત્રાના પરીચયમાં આવ્યો હતો. જે તે વખતે બંને વચ્ચે મિત્રતા થઈ હતી. પછી ફોટા અને વિડીયો પણ બન્યા હતાં. પણ હવે સગીરવયની છાત્રાએ મિત્રતા ખતમ કરતાં આ વિદ્યાર્થી રઘવાયો થઈ ગયો હતો અને સગીરાના ઘરે પહોંચી ગયો હતો. ત્યાં જઈ એવા ખેલ કર્યા હતાં કે વાત પોલીસ સુધી પહોંચી ગઈ હતી.

છાત્રએ સગીરાની ઘરે જઈ તેના વાલીઓ સમક્ષ દેકારો મચાવી કહ્યું હતું કે હું મરી જઈશ કાં પછી તમારી દિકરીને મારી નાંખીશ. આ સાંભળી છાત્રાના પરિવારજનો ભયભીત થઈ ગયા હતાં અને પોલીસ કાર્યવાહી કરી હતી. આ ઘટના સુરતની છે. પરંતુ હાલના સમયમાં સોશિયલ મિડીયાને કારણે કે દેખાદેખીને કારણે નાની વયે જ મિત્રતાને બદલે પ્રેમના પાઠ ભણવા માંડતા સગીરો માટે લાલબત્તી સમાન છે. સિંગણપોર વિસ્તારમાં રહેતો વિદ્યાર્થી સ્કૂલ વાનમાં ભણવા જતો હતો, ત્યારે તેની સાથે જ સ્કૂલવાનમાં ભણવા માટે આવતી કિશોરીના સંપર્કમાં આવ્યો હતો. તેણે જે તે સમયે તેની સાથે મિત્રતા કરી તેના ફોટો અને વીડિયો પાડી લીધા હતા.

ત્યાર બાદ આ ફોટો અને વીડિયોના આધારે બ્લેકમેલ કરી અવારનવાર તેને મળવા માટે દબાણ કરી છેડતી કરી હેરાન પરેશાન કરતો હતો. જેથી આખરે કિશોરીએ સઘળી હકીકત તેની માતાને જણાવી હતી. યુવકે કિશોરીની માતાને પણ ધમકી આપી હતી. એટલું જ નહીં પરંતુ કિશોરીની સોસાયટીમાં આવી હોબાળો કરી પોતે મરી જશે અથવા તો તેની દીકરીને મારી નાખશે તેવી ધમકીઓ આપી જાહેરમાં હોબાળો મચાવ્યો હતો.



આખરે આ મામલે ભોગ બનનાર કિશોરીના પિતાએ આ મામલે સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે સિંગણપોર વિસ્તારમાં આવેલ સુકન સ્કાય હેવનમાં રહેતો તિલક યોગેશ વાનાણી અગાઉ સ્કૂલ વાનમાં ભણવા માટે જતો હતો. આ દરમિયાન તેની વાનમાં ભણવા માટે આવતી એક સોળ વર્ષની કિશોરીના તે સંપર્કમાં આવ્યો હતો. જે તે સમયે તેણે કિશોરી સાથે મિત્રતા કરી હતી અને ત્યાર બાદ તેને લલચાવી ફોસલાવી અલગ અલગ જગ્યા પર ફરવા લઈ જઈ તેના ફોટા અને વીડિયો પાડી લીધા હતા. અવારનવાર આ ફોટા અને વીડિયોના આધારે બ્લેકમેલ કરી તેને મરજી ન હોવા છતાં પણ તેને મળવા માટે દબાણ કરી છેડતી કરતો હતો. તિલક વાનાણી કિશોરીના ઘર સુધી પહોંચી ગયો હતો. જ્યાં કિશોરીની માતાને તથા તેના પિતાને અને કિશોરીને મળવા માટે દબાણ કરી ધાક ધમકી આપી હતી. એટલું જ નહી પરંતુ સોસાયટીમાં ભારે હોબાળો બચાવી જો મળવા નહી દો તો કાતો પોતે મરી જશે કાં તો દીકરીને મારી નાખશે તેવી જાહેરમાં ધમકી આપી હતી.

જેથી આખરે બનાવને પગલે ભોગ બનનાર કિશોરીના પિતાએ સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ પુખ્ત વયના થઈ ચુકેલા તિલક વાનાણી સામે છેડતીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગમે તેની સાથે મિત્રતા ફ્રેન્ડશીપ કે પ્રેમના પાઠ ભણતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે. અન્યથા આ રીતે બાદમાં ફસાઈ જવાની નોબત પણ આવી જતી હોય છે. આ પ્રકારના કિસ્સા અનેક વખત બની ચુક્યા છે. જેમાં આ વધુ એક ચોંકાવનારો અને લાલબત્તી ધરતો બનાવ સામે આવ્યો છે.

બીજી એક ચોંકાવનારી ઘટના પર નજર કરીએ તો સુરતના સણીયા હેમાલ વિસ્તારમાં રહેતી શ્રમજીવી પરિવારની તેર વર્ષની બાળાને પડોશમાં રહેતા એકવીસ વર્ષના રાઘવેન્દ્રસિંગે પ્રેમજાળમાં ફસાવી હતી. ડ્રાઈવર કાર અવાવરૂ જગ્યાએ પાર્ક કરીને તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ બળાત્કારના કારણે બાળાને ગર્ભ રહી જતાં ભાંડો ફુટ્યો હતો.

બે દિવસ પહેલા બાળાને પેટમાં દુંખાવો થતા માતા પિતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે બાળાને ત્રણ માસનો ગર્ભ હોવાનું જણાવતા માતા પિતા ચોંકી ગયા હતા. બાળાએ રાઘવેન્દ્રસિંગે તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની હકિકત જણાવતા તેની વિરૂદ્ધ સારોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કારનો ગુનો નોંધી આરોપી રાઘવેન્દ્રસિંગને પકડી પાડ્યો હતો.

### કચરા વીણી ગુજરાન ચલાવતી વૃધ્ધ વયની દેરાણી-જેઠાણીની એક જ જગ્યાએ પથ્થરથી ક્રુર હત્યા થઇ હતી

# સેક્સનો ઈન્કાર કરતાં બે વૃધ્ધાને વિકૃતે પતાવી દીધી'તી

### પોલીસે ટીમો બનાવી દોઢસો કેમેરા ચેક કર્યા અને હત્યારાનું લોકેશન મધ્યપ્રદેશમાં મળતાં ઉઠાવી લીધો: એક વૃધ્ધા પાસે સેક્સની માંગણી કરી તેણે ના પાડતાં પતાવી દીધી: પછી તેની દેરાણીને પણ આવા જ કારણે રહેંસી નાંખી હતી: હત્યારો પોતે ચાર સંતાનનો બાપ

રાજકોટ: હત્યાની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે કેટલીક મર્ડર મિસ્ટ્રી ઉકેલવામાં પોલીસ સફળ રહી છે. તાજેતરમાં જ આવી અનેક રહસ્યમય હત્યાની ઘટનાઓ બની ચુકી છે જેનો ભેદ ઉકેલવો પોલીસ માટે પડકારરૂપ બની રહ્યો છે. આવી જ એક ઘટના ઉકેલાઇ ગઇ છે જેમાં ખળભળાટ મચાવતી હકિકત સામે આવી છે. વૃધ્ધ દેરાણી-જેઠાણીની પથ્થરોના ઘા ઝીં કી ક્રુર હત્યા કરવામાં આવી હતી. રહસ્યના તાણાવાણા સર્જતી આ ઘટનાનો ભેદ ઉકેલવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગણતરીના સમયમાં જ સફળતા મળી હતી અને પોલીસ હવસખોર વિકૃત હત્યારા સુધી પહોંચી ગઇ હતી. જો કે હત્યારાને પકડવા પોલીસને છેક મધ્યપ્રદેશ સુધી લાંબુ થવું પડ્યું હતું. વૃધ્ધ દેરાણી-જેઠાણી પાસે હવસખોર એવા ચાર સંતાનના પિતાએ શરીરસુખની માંગણી કરી હતી. પણ વૃધ્ધા તાબે ન થતાં તેની હત્યા કરી નાંખી હતી.

ખળભળાટ મચાવતી આ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના ચાંગોદર વિસ્તારમાં પંદર મિનિટના ગાળામાં જ વૃધ્ધ વયના દેરાણી-જેઠાણીની પથ્થરોના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. હત્યા કોણે અને શા માટે કરી? તે મુદ્દે ભારે રહસ્ય સર્જાયુ હતું. પોલીસે તપાસ શરૂ કરી અલગ અલગ ટીમો બનાવી હતી. જેના આધારે સત્ય સામે આવ્યું હતુ અને હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે બંને વૃદ્ધાઓની હત્યા નિપજાવનાર સેક્સ મેનિયાકને મધ્યપ્રદેશથી દબોચી લીધો હતો. બનાવના દિવસે આરોપીએ બંને વૃદ્ધા પાસે શરીરસુખની માગણી કરી હતી. પરંતુ તેના તાબે ન થતાં પથ્થરોના ઘા મારી પંદર મિનિટના ગાળામાં બંનેની હત્યા નીપજાવી પોતાના વતન મધ્યપ્રદેશ ફરાર થઈ ગયો હતો. આરોપી પોતે ચાર દીકરાનો પિતા હોવાનું જાણવા મળ્યું છે. આરોપી ચાંગોદરમાં આવેલી એક કંપનીમાં છેલ્લા ત્રણ મહિનાથી કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું..

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ચાંગોદરના ઔદ્યોગિક વિસ્તારમાં કચરો વીણવાનું કામ કરતી દેરાણી-જેઠાણીની સવારના સમયે હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઔદ્યોગિક વિસ્તારનો કચરો જ્યાં ઠાલવવામાં આવે ત્યાંથી બંનેની લાશ મળી આવતાં હત્યાનો ભેદ ઉકેલવો પોલીસ માટે મોટો પડકાર હતો. જે-તે સમયે પોલીસે આસપાસના સીસીટીવી તપાસ્યા, પણ કંઇ મળ્યું ન હતું. એક જ દિવસે બે વૃદ્ધાની હત્યાના કારણે પોલીસ ચોંકી ઠી હતી. ગુનાનો ભેદ ઉકેલવા માટે અલગ અલગ ચાર ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી. પોલીસે કુલ દોઢસો જેટલા સીસીટીવી કેમેરા ચેક કર્યા અને ત્યાર બાદ આસપાસની ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરોની પૂછપરછ શરૂ કરી હતી. ચાંગોદર વિસ્તારમાં થયેલા ડબલ મર્ડરનો ભેદ ઉકેલવા માટે પોલીસે આસપાસની ફેક્ટરીઓમાં કામ કરતા લેબરની પૂછપરછ શરૂ કરી હતી.



### હત્યાની અન્ય ઘટનામાં ત્રીસ રૂપિયાના ભાડાના ડખ્ખામાં મુસાફરને રિક્ષાચાલકે રહેંસી નાંખ્યો: પોલીસે ભેદ ઉકેલી હત્યારાને દબોચ્યો

એક ફેક્ટરીમાંથી આ બનાવ બાદ એક વ્યક્તિ ગાયબ હતી. આવી એક માહિતી પોલીસને તેના બાતમીદાર પાસેથી મળી અને પોલીસ બીજી તરફ ટેકનીકલ એનાલિસિસ કરી રહી હતી. જે વ્યકિત ગાયબ હતી તેનું લોકેશન મધ્યપ્રદેશથી મળતાં પોલીસની એક ટીમ મધ્યપ્રદેશ પહોંચી હતી.

ત્યાંથી ભોલે લાલમન નામના શખસને ઝડપી પૂછપરછ કરતાં તેણે જ આ બંને વૃદ્ધાની હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમપ્રકાશ જાટે જણાવ્યું હતું કે આરોપીએ એક વૃદ્ધા સાથે શારીરિક સંબંધ બનાવવા માટે માગણી કરી હતી, પરંતુ તેણે ના પાડતાં તેનું માથું છૂંદી નાખ્યું હતું. ત્યાર બાદ બીજી વૃદ્ધા સાથે પણ તેણે આ પ્રકારે માગણી કરી, પરંતુ પકડાઈ જવાના ડરથી તેણે તેની પણ પથ્થર મારીને હત્યા કરી નાખી હતી. બંને વૃદ્ધાની હત્યા નિપજાવ્યા બાદ આરોપીએ બંનેની લાશ ઝાડીમાં છુપાવી ટ્રેન મારફત પોતાના વતન મધ્યપ્રદેશ ફરાર થઈ ગયો હતો. બંને વૃદ્ધાની હત્યા નિપજાવનાર સેક્સ મેનિયાક છેલ્લા ત્રણ મહિનાથી ચાંગોદરની નવકાર કંપનીમાં હેલ્પર તરીકે કામ કરતો હતો. ગત ચૌદમીએ સવારે તેણે આ બંને હત્યા પંદર મિનીટના ગાળામાં કરી નાંખી હતી. હવસખોર હત્યારો પોતે પરણેલો છે અને ચાર સંતાનનો બાપ છે. પોલીસે આ વિકૃત હત્યારાની વિશેષ પુછપરછ શરૂ કરી છે. તે આવા બીજા કોઇ ગુનામાં તો સામેલ નથી ને? તે સહિતની તપાસ થઇ રહી છે.

હત્યાની વધુ એક ઘટનામાં રિક્ષાના ત્રીસ રૂપિયાના ભાડાના પૈસા મામલે મુસાફરને રિક્ષાચાલકે રહેંસી નાંખતા ચકચાર મચી ગઇ છે. આ હત્યાનો ભેદ પોલીસે ઉકેલી હત્યારાને પકડી લીધો છે.

અમદાવાદના નવરંગપુરામાં જૈન દેરાસરની સામે આવેલા કળશ રેસિડેન્સી નજીક મૃતદેહ મળી આવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને તપાસ આદરી હતી. તપાસમાં સત્ય સામે આવ્યું હતું કે માત્ર ત્રીસ રૂપિયાના ભાડાના સામાન્ય વિવાદને કારણે આરોપીએ પેસેન્જર પર ઈરાદાપૂર્વક બે વખત રિક્ષા ચડાવી દીધી હતી. આ ઘટનામાં પેસેન્જરને ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું. પોલીસે મૂળ રાજસ્થાનના અને અમદાવાદમાં રિક્ષા ચલાવતા આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નવરંગપુરામાં એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. સમગ્ર મામલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને નવરંગપુરા પોલીસે અનેક તપાસ ટીમો બનાવીને તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે ત્રણસો થી વધુ સીસીટીવી ચકાસ્યા હતા.

જે પૈકી એક સીસીટીવી ફૂટેજમાં મૃતક રસ્તા પર ચાલી રહ્યો હતો, તે દરમિયાન એક રિક્ષાએ તેને પાછળથી ટક્કર મારી હોવાનું જોવા મળ્યું હતું. રિક્ષાની ટક્કર વાગતા પીડિત વ્યક્તિ ઘટનાસ્થળે જ પડી ગયો હતો. તેવામાં રિક્ષા ચાલકે યુ-ટર્ન લીધો અને બીજી વાર પીડિત પર કાર ચલાવીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનામાં વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સમગ્ર મામલે પોલીસે બાવીસ વર્ષીય સમીર કનુભાઈ રઘુનાથ નટ તરીકે ઓળખાતા શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરીને પૂછપરછ કરી હતી.

બાદમાં સમીરે હત્યા કબુલી હતી કે પેસેન્જરને કાલુપુર જવાનો ઈરાદો હોવાથી પણ આટલા દૂર જવાનો પોતે ઈનકાર કર્યો હતો અને મૃતકને નવરંગપુરા ચાર રસ્તા પાસે ઉતારી દેતાં ઝઘડો થતાં ત્યાં જ રિક્ષાની ઠોકરો મારી પતાવી દઇ ભાગી ગયો હતો. આરોપી મૂળ રાજસ્થાનના અજમેર જિલ્લાનો રહેવાસી છે.

# પુસ્તક સમાજ પરિવર્તનનું પ્રતિબિંબ

### સમાજમાં પરિવર્તન લાવવા પર્યાવરણ ,કુટુંબ પ્રબોધન ,સ્વદેશી ,સમરસતા અને નાગરિકકર્તવ્યના પુસ્તકો પાયાના પથ્થર

રાજકોટ, તા. ૨૨

મહાન નાટયકાર વિલિયમ સેકસપીયરનો જન્મ તા. ૨૩/૪/૧૫૬૪ ના રોજ થયો હતો. આ મહાન નાટયકાર, લેખક,પોતે ૩૭ નાટકો, ૨૦૦થી વધુ કવિતાઓ લખી છે. વિશ્વમાં સાહિત્ય જગતમાં વિલયમાં પ્રથમ સ્થાન રહ્યું છે. તેઓ પોતાની આર્થિક સ્થિતિ જાળવી નોકરી ધંધામાં જોડાયા અને લંડનમાં પ્રખ્યાત કંપનીમાં જોડાયા. નાટક લખવાનું મન થયું અને પછી ગ્લોબ થિયેટરમાં કલમ ઉપાડી આમ થોડાક સમયમાં તો નટાય લેખક તરીકે નામના મેળવી. તેમ પણ જુલિયસ સિઝર, ઓથેલો, હેમ્લેટ, જુલિયેટ, કિંગલીઅર, મેકબેથ જેવી આવી જાણકાર કૃતિઓ વિશ્વમાં સ્થાન મેળવ્યું હતું.

આમ તેમણે વિશ્વમાં સર્વકાળના સર્વશ્રેષ્ઠ કવિ તરીકે સ્થાન મેળવી ૩૭ નાટકો, ૧૫૪ સોનેટોની વિપુલ સમૃદિઘ બનાવેલ.

આમ, ૧૬૧૬માં પોતાના જન્મદિને જ પોતાનું મૃત્યું થયું અને આમ, વિશ્વના મહાન સાહિત્યકારો જેવાકે, કારવાનટીસ, સેકસપિયર અને ઈન્કા ગારસીલાસો ડિલા વેગાના મૃત્યુ દિન નીમીત્તે વિશ્વમાં વાંચનનું મહત્વ વધે તે માટે આજના દિવસે અંજલી આપી. ૨૩ એપ્રિલ-૧૬૧૬માં પૂરા વિશ્વમાં યુનેસ્કો દ્વારા સેકસપિયરની પૂણ્યતિથી ''વિશ્વ પુસ્તક દિન તરીકે ઉજવાય છે. વ્યકિત સમાજ, દેશ અને રાષ્ટ્રના ઘડતરના કામમાં પ્રથમ જો કોઈ હોય તો તે પુસ્તક છે. પુસ્તક દ્વારા સમાજ પરિવર્તન તેમાં ચાલો આપણે આજે પર્યાવરણ કુટુંબ પ્રબોધન, સ્વદેશી ,સમરસતા અને નાગરિકકર્તવ્ય, વધુમાં વધુ લોકો પુસ્તક વાંચે અને સમાજ પરિવર્તન કરાવી આપણે જાણીએ છીએ કે આજે આપણા ક્રાંતિકારીઓ જોઈએ તો ગાંધીજીએ કે જેમણે એક પુસ્તકમાં ''અન ટુ ધી લાસ્ટ'' નામના પુસ્તકના અભ્યાસ થી પોતાની જીંદગીગ સંપૂર્ણ પરિવર્તન આવ્યું અને ભારતના રાષ્ટ્રપિતા કહેવાયા.

આપણા બંધારણના રચીયતા પૂજય બાબાસાહેબ આંબેડકરે પોતાની અડધી જીંદગી લાયબ્રેરીમાં જ પસાર કરી વાંચવાનો ગજબનો શોખ હતો. બાબાસાહેબ એટલુ બધુ વાંચતા કે તે કયો સંદર્ભ કયા પાને છે અને પાનાનંબર કેટલા ત્યાં સુધી કોઈ પણ સંદર્ભ કહી દેતા. આવા બાબાસાહેબ આપણા બંધારણના રચીયતા હતા. આવા સુપરશકિત આવી કયાંથી વાંચનથી. અરે પ.પૂ. ગુરુજી ગોલવલકરજીને વાંચનનો ગજબનો શોખ. પોતે કાશીવિશ્વ વિદ્યાલયમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા હતા ત્યાંની લાયબ્રેરીમાં એક પણ પુસ્તક એવું નહી હોય કે તેમણે વાંચેલ નહી હોય અને તેઓ કોઈપણ પુસ્તકનો સંદર્ભ પાનાનંબર સહીત



જણાવતા આવી ગજબની યાદશકિત હતી.


આમ, પોતાના વાંચન શકિત દ્વારા વિશ્વના શ્રેષ્ઠ સંગઠનો નો પાયો મજબુત કર્યો હતો. તેમાં પણ વિશ્વમાં હિન્દુ સમાજનું ગૌરવ અપાવતા સ્વામી વિવેકાનંદજીને વાચવાનો ગજબનો શોખ હતો એક પુસ્તકનું વાંચન કર્યા પછી ગમે તે સંદર્ભ પૂછો તો પણ નંબર સહીત તમને માહિતી આપી દેતા હતા. વાચક સ્વામી વિવેકાનંદ વિશ્વમાં હિન્દુ સમાજની શકિતથી શ્રીગણેશ કરે છે. આમ, આજે જયારે ''વિશ્વમાં પુસ્તક દિન'' ઉજવાઈ રહ્યું છે ત્યારે પુસ્તકોનું મહત્વ આપણે જ જાણવું પડશે. કારણ કે, આજે જયારે વિશ્વમાં કોમ્પ્યુટર યુગ ચાલી રહ્યો છે ત્યારે ઈલેકટ્રોનિકસ, ટી. વી.ના યુગમાં આંતકવાદ, હિંસા, રોગચાળો, મોત, કુટુંબ પતન વિગેરે પ્રોગ્રામો દ્વારા હિન્દુ સંસ્કૃતિનું અધ પતન થઈ રહ્યું છે .

ત્યારે પુસ્તક દ્વારા સમાજનું પરિવર્તનપરમ પૂજય રત્ન સુંદર વિજય મહારાજ સાહેબે પોતાના ૪૦૦ પુસ્તકથી વધુ દ્વારા સમાજમાં એક જબરું પરિવર્તન લાવવાનો ખૂબ જ સરસ પ્રયત્ન કરી રહ્યા છે .

ત્યારે આ દેશને બચાવવા માટે પ્રત્યે વ્યકિતને પુસ્તક જ બચાવી શકશે માટે પરિસ્થિતિ ગમે તેટલી ખરાબ હોય પુસ્તક વાંચનનો શોખ હશે તો તે કયારેય પણ હિંમત નહીં હારે. જે વ્યિકત મનથી હારે છે તેનું તન નબુળ પડે છે, માટે વાંચન એ જીવન જીવવાની જડીબુટી છે. સારૂ વાંચન દ્વારા વ્યકિત નિર્માણ અને સારા વાંચક દ્વારા રાષ્ટ્ર નિર્માણ થઈ શકશે માટે જ કોઈપણ પ્રસંગમાં જો કોઈ શ્રેષ્ઠ ભેટ હોય તો તે પુસ્તક રહેશે.

અત્યારે ઈ-રીડર, ઈ-બુકસ, ઓનલાઈન દ્વારા પુસ્તકો મેળવવા આશાન થઈ ગયા છે કોઈપણ પુસ્તક આશાનીથી અને ગમે ત્યાં ગોતી શકો છો પણ કોઈપણ પુસ્તક ઘડીના છઠ્ઠા ભાગમાં ગોતી શકો અને વાંચી શકો છો. તો ચાલો આપણે પુસ્તક દ્વારા વાંચન અને વાંચન દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરીએ આજના પુસ્તક દિન નિમીતે. ચાલો આપણે ૨૧મી સદીમાં ભલે કોમ્પ્યુટર યુગમાં જીવીએ પરંતુ સાથો સાથ જ્ઞાન મેળવવા માટે હર હંમેશ પુસ્તકો જ મહાન રહેશે માટે જ પુસ્તક એ મિત્રતા, પવિત્રતા, ચરિત્રતા ત્રિવેણી સંગમ જેવી વિશેષતા રહેશે.

# અમરેલીમાં તાલિમી પ્લેન ક્રેશ : પાયલોટનું મોત



### ઝાડવા સાથે પ્લેન અથડાતા લાગી આગ : પ્રાઈવેટ ફ્લાયિંગ સ્કૂલમાં સુરક્ષા અંગેના અનેક સવાલો : વિમાન કેવી રીતે ક્રેસ થયું તે અંગે તપાસ શરૂ

રાજકોટ, તા. ૨૨

મંગળવારે ગુજરાતના અમરેલી જિલ્લામાં એક ખાનગી ઉડ્ડયન એકેડેમીનું એક તાલીમ વિમાન ક્રેશ થયું હતું, જેમાં એક તાલીમાર્થી પાઇલટનું મોત નીપજ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, વિમાન એક ઝાડ સાથે અથડાયું અને પછી ખુલ્લા પ્લોટમાં ક્રેશ થયું અને તેમાં આગ લાગી ગઈ. અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાટે જણાવ્યું હતું કે અમરેલી શહેરના ગિરિયા રોડ વિસ્તારમાં બપોરે ૧૨:૩૦ વાગ્યે અજ્ઞાત કારણોસર વિમાન ક્રેશ થયું હતું.

આ વિમાન એક ખાનગી ઉડ્ડયન એકેડેમીનું હતું અને ક્રેશ થયું હતું. અમરેલી શહેરના ગિરિયા રોડ વિસ્તાર નજીક બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. પોલીસ અધિક્ષક સંજય ખરાટના જણાવ્યા અનુસાર, અગમ્ય કારણોસર વિમાન ક્રેશ થયું તે પહેલાં પાયલોટ એકલા ઉડાન ભરી રહ્યો હતો અને અમરેલી એરપોર્ટ પરથી ઉડાન ભરી રહ્યો હતો. શાસ્ત્રીનગર વિસ્તાર નજીક ખુલ્લા પ્લોટમાં ક્રેશ થતાં પહેલાં વિમાન એક ઝાડ સાથે અથડાયું હોવાના અહેવાલ છે, જેના કારણે વધુ જાનહાનિ ટાળવામાં મદદ મળી. ખરાટના જણાવ્યા મુજબ, શાસ્ત્રીનગર વિસ્તારની નજીકમાં વિમાન ક્રેશ થયા બાદ તેમાં આગ લાગી ગઈ.

અમરેલી એરપોર્ટ પરથી એક પુરુષ તાલીમાર્થી પાઇલટ સાથે ઉડાન ભર્યા પછી, એરપોર્ટ પરથી કાર્યરત એક એવિએશન એકેડેમીનું એક ટ્રેનર વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં એકલા ઉડાન ભરી રહેલા તાલીમાર્થી પાયલોટનું મૃત્યુ થયું હતું જ્યારે વિમાનમાં આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં અન્ય કોઈને ઈજા થઈ નથી, ખરાટે જણાવ્યું. દિલ્હી સ્થિત એક એવિએશન એકેડેમી અમરેલી એરપોર્ટ પર પાઇલટ તાલીમ કામગીરીનું સંચાલન કરે છે, ખરાટે જણાવ્યું.

પોલીસ અધિક્ષકે પુષ્ટિ આપી કે અધિકારીઓએ અકસ્માત મૃત્યુનો કેસ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે.

ફાયર ઓફિસર એસ.સી. ગઢવીએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટના અને ત્યારબાદ આગ લાગવાની માહિતી મળતાં જ ચાર ફાયર યુનિટને શાસ્ત્રીનગર મોકલવામાં આવ્યા હતા. જોકે વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું, પરંતુ કોઈને ઈજા થઈ ન હતી કારણ કે તે પહેલા ઝાડ સાથે અથડાયું હતું અને પછી ખુલ્લા પ્લોટમાં અથડાયું હતું.

અમારી ટીમોએ આખરે આગ પર કાબુ મેળવ્યો. અધિકારીઓ અકસ્માતના કારણની તપાસ કરી રહ્યા છે. તપાસ હેઠળના સંભવિત પરિબળોમાં યાંત્રિક નિષ્ફળતા, માનવ ભૂલ અથવા હવામાન સંબંધિત સમસ્યાઓનો સમાવેશ થાય છે.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) દ્વારા અકસ્માતની આસપાસના સંજોગોની વિગતવાર તપાસ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પ્રમોશનનું ડિમોલીશન

## સોશિયલ મીડિયાના ઈન્ફ્લુઅન્સર બનનારાના ફ્યુઝ ઉડી ગયા



પોતાને સ્માર્ટ માનીને નીત નવા ગતકડા કરીને કમાઇ લેવાની વૃત્તિ રાખનારા માટે સાવધાન થવું પડે તેવી ઘટના જાહેર થઇ છે. રાજકોટમાં સાઇબર ક્રાઇમ બ્રાંચે છ વ્યક્તિ સામે ગુનો નોંધીને તેને ઝડપી લીધા છે. પોતાને સ્માર્ટ માનતી આ ટોળકી ઓનલાઇન ગેમનું પ્રમોશન કરતી હતી.

કોઇ વિશેષ લાયકાત કે આવડત ન ધરાવતા લોકો પોતાની રીતે ચિત્ર-વિચિત્ર પદ મેળવીને સોશિયલ મીડિયામાં મોટા-ભા બનીને વટ મારતા હોય છે. આ સ્માર્ટ ટોળકી પોતાને સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર ગણાવીને વસ્તુ-સેવાનું પ્રમોશન કરતા હતા. આ માટે ચાર્જ વસુલાતો હોય છે.

લાયકાત વગર થોડી સફળતા મળે ત્યારે સફળતાનો અપચો થઇ જતો હોય છે. ટોળકી પણ હવામાં ઉડવા લાગી. કમાઇ લેવાની લહાયમાં ઓનલાઇન ગેમનું પ્રમોશન કરવા લાગ્યા. આનો સીધો મતલબ એ થાય કે, લોકોને જુગાર રમવા પ્રેરીત કરવા સાયબર અપરાધ ગણાય. ઓનલાઇન ગેમ્બલિંગના રવાડે ચડી ગયેલી ટોળકી ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાઇ જતાં તેના ફ્યુઝ ઉડી ગયા હતા. ઓનલાઇન ગેમનું પ્રમોશન કરવામાં ખુદના વ્યક્તિત્વનું ડિમોલીશન થઇ ગયું હતું.

ઇન્ફ્લુઅન્સર શબ્દ સામાન્ય નથી. આ ઇન્ટ્રેસ્ટિંગ ક્ષેત્ર છે. ક્ષેત્રને થોડું સમજો ઇન્ફ્લુઅન્સર એકાદ વિષયના તજજ્ઞો હોય છે. જે જીવન શૈલી બદલવા અને અમુક વસ્તુ ખરીદવા ફોલોઅર્સને પ્રેરીત કરતા હોય છે. સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર, ઇન્સ્ટા, ફેસબુક, યુ-ટ્યૂબ વગેરેમાં મોટો ફોલઅર્સ વર્ગ ધરાવતા હોય છે.

ક્લિપ-ઓડિયોના માધ્યમથી વિચાર વસ્તુનું પ્રમોશન થતું હોય છે અને આ માટે જે-તે કંપની પાસેથી ચાર્જ વસુલાતો હોય છે.

ઇન્ફ્લુઅન્સર બનવા માટે જે-તે વિષયના ગહન અભ્યાસુ હોવું જરૂરી છે. આ ઉપરાંત રજુઆત કલા, પ્યોર તર્ક, માર્કેટનો અભ્યાસ, લોકસમૂહનો વિચાર જાણવા-સમજવાની ક્ષમતા અને આ ક્ષેત્રના કાયદાનું ભાન વગેરે હોવુ જરૂરી છે.

આવી કોઇ જ લાયકાત કેળવ્યા વગર ઘણા લોકો પોતાની રીતે ખુદને સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર ઘોષિત કરીને ગતકડા ચલાવે છે. તેમાં પણ થોડા ફોલોઅર્સ અને થોડા રૂપિયા મળી જાય તો ઇન્ફ્લુઅન્સર હવામાં ઉડવા લાગે છે. પોતાને સ્માર્ટ અને શ્રેષ્ઠ ગણવા માંડે છે. ભુલ થઇ જાય અને ઝડપાઇ જાય ત્યારે ફ્યુઝ ઉડી જાય છે.

વિચિત્રતા એ છે કે, આવા તત્વોને ફોલોઅર્સના ઢગલાં પણ મળી જાય છે. ફાલતું તત્વો પાસેથી કઇ પ્રેરણા લેવી હશે એ તો ભગવાન જાણે પરંતું, મગજ વગરના ટોળાના કારણે આવા વિચિત્ર ગતકડા ચાલતા રહે છે. જાણ્યા સમજ્યા વગર સોશિયલ મીડિયામાં કમાણી કરવાના ઉદ્દેશથી સક્રિય લોકોને સાવધાન કરતી ઘટના ગણાય.

!! પ્રેમભક્તિના હસ્તાક્ષરે !!




ખાઈ માં પડેલો માણસ,
બહાર નીકળી શકે છે,
પરંતુ "અદેખાઈ"માં
પડેલો માણસ,
ક્યારેય બહાર નીકળી
શકતો નથી.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સંઘને મજબૂત બનાવવાનો મંત્ર આપતા ભાગવત

## ઉત્તર પ્રદેશ ભાજપનો મજબૂત કિલ્લો છે, સંઘથી લઈને ભાજપ સંગઠન સુધી, દરેક વ્યક્તિ અહીંની દરેક નબળાઈને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે



નવીદિલ્હી, તા. ૨૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત તેમની પાંચ દિવસની મુલાકાત દરમિયાન કોઈપણ સાંસદ કે ધારાસભ્યને મળ્યા ન હતા. હા, તેમણે ૪૪ જૂના અને વિશ્વાસુ સ્વયંસેવકો સાથે ઊંડાણપૂર્વક વાતચીત કરીને વર્તમાન જનપ્રતિનિધિઓના કાર્યને ચોક્કસપણે સમજ્યું. તેમણે સમાજને એક કરવા પર ભાર મૂક્યો. તેની જવાબદારી પણ સ્વયંસેવકોને સોંપવામાં આવી હતી. ખરેખર, સંઘના વડા મોહન ભાગવત મિશન યુપી પર છે. તેમનો પહેલો રોકાણ વારાણસીમાં હતો જ્યારે બીજો કાનપુરમાં. હવે સંઘના વડા ૧૭ એપ્રિલે તેમની ત્રીજી મુલાકાત માટે અલીગઢ આવ્યા. તેઓ અહીં પાંચ દિવસ રહ્યા અને સંઘના સ્વયંસેવકોને મળ્યા અને સંઘને મજબૂત બનાવવાનો મંત્ર આપ્યો. તેમણે માત્ર હિન્દુત્વના મુદ્દાને જ ઉગ્ર બનાવ્યો નહીં, પરંતુ જાતિના આધારે વિભાજિત સમાજને એક કરવાની જવાબદારી પણ સંઘના સ્વયંસેવકોને સોંપી. સંઘના સૂત્રોનું માનીએ તો, આગામી ચૂંટણીઓમાં સારા પરિણામો સુનિશ્ચિત કરવા માટે સંઘ સ્તરે મજબૂત આયોજન કરવામાં આવી રહ્યું છે.


કારણ કે ઉત્તર પ્રદેશ ભાજપનો મજબૂત કિલ્લો છે, સંઘથી લઈને ભાજપ સંગઠન સુધી, દરેક વ્યક્તિ અહીંની દરેક નબળાઈને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મંથન સત્ર દરમિયાન, સરસંઘચાલક ભાગવતે બ્રિજ પ્રાંતના જનપ્રતિનિધિઓ વિશે પણ પૂછ્યું. તેમણે સ્વયંસેવકો પાસેથી શીખ્યા કે બ્રિજ પ્રાંતમાં કેટલા જનપ્રતિનિધિઓ છે અને શું તેઓ ખરેખર જનતાના હિતમાં કામ કરી રહ્યા છે કે ફક્ત પોતાના અંગત હિતમાં જ રોકાયેલા છે. તેમણે કયા જનપ્રતિનિધિ વિશે સામાન્ય જનતાનો શું અભિપ્રાય છે તે જાણવાની ઇચ્છા પણ વ્યક્ત કરી.

ભાગવતની આ મુલાકાત અને ઊંડા વિચાર-મંથનમાંથી જે બાબતો બહાર આવી રહી છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સંઘ માત્ર વર્તમાન રાજકીય શક્તિ જાળવી રાખવા માંગતો નથી પણ તેનો વિસ્તાર પણ કરવા માંગે છે. આ માટે, સ્થાનિક સ્તરે મ્યુનિસિપલ સંસ્થાઓ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવું એ યુનિયનની પ્રાથમિકતા છે. એવું માનવામાં આવે છે કે જૂના સ્વયંસેવકો સાથેનો આ સંવાદ આ વ્યૂહરચનાને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

મોહન ભાગવતના અલીગઢમાં પાંચ દિવસના રોકાણને અનેક દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. આ શહેર માત્ર ચંદ્રભાન ગુપ્તા, અશોક સિંઘલ અને કલ્યાણ સિંહ જેવા અગ્રણી હિન્દુત્વ નેતાઓનું જન્મસ્થળ જ નથી રહ્યું, પરંતુ તે એક વિશાળ પ્રદેશમાં વ્યાપક વૈચારિક સંદેશ ફેલાવવાનું કેન્દ્ર પણ છે. આ ઉપરાંત, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (અખઞ) પણ અહીં આવેલી છે, જે રાષ્ટ્રીય સ્તરે મુસ્લિમ વિચારધારાને નેતૃત્વ પૂરું પાડે છે. ભાગવત અહીં વિચારમંથન કાર્યક્રમનું આયોજન કરીને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે. આ દ્વારા તેઓ એ વ્યકત કરવા માંગે છે કે તેમની વિચારધારાની નજીક હોવાની સાથે, જ્યાં વિરોધી વિચારધારા ખીલે છે તે સ્થાન પણ તેમના માટે આરામદાયક અને સ્વીકાર્ય છે. નિષ્ણાતો માને છે કે ભાગવતની મુલાકાત હિન્દુત્વની વિચારધારાને પોષતા આ મહત્વપૂર્ણ ક્ષેત્રમાં તેમની હાજરીને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ છે. તે જ સમયે, અખઞ જેવી સંસ્થાની હાજરીને કારણે, આ સ્થળાંતર એવા પ્રદેશમાં સંવાદ અને સંકલનની સ્થાપનાનો સંકેત પણ આપે છે જ્યાં વૈચારિક તફાવતો સ્પષ્ટપણે દેખાય છે. આ સ્થળાંતરના લાંબા ગાળાના રાજકીય અને સામાજિક પરિણામો શું છે તે જોવું રસપ્રદ રહેશે.

# 'નેશનલ હેરાલ્ડ' કેસ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે રાહુલ : કોહલી

## ચૂંટણી પંચ, ભારતમાં લોકશાહી અને ચૂંટણીના આચારસંહિતા પરની ટિપ્પણીઓ સાબિત કરે છે કે કોંગ્રેસ દેશની સંસ્થાઓ પર હુમલો કરીને નેશનલ હેરાલ્ડ કેસ પરથી ધ્યાન હટે એજ લક્ષ્ય



નવીદિલ્હી, તા. ૨૨

ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા નલિન કોહલીએ મંગળવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ચૂંટણી પંચ પરની ટિપ્પણીની આકરી ટીકા કરી હતી. નલિન કોહલીએ રાહુલ ગાંધી પર ''નેશનલ હેરાલ્ડ'' કેસ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. ભાજપના પ્રવક્તા નલિન કોહલીએ અહીં પાર્ટી મુખ્યાલયમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં ગાંધી પરિવાર પર આ મુદ્દે મૌન રાખવાનો આરોપ પણ લગાવ્યો. કોહલીએ કહ્યું કે, ગાંધી પરિવારે નેશનલ હેરાલ્ડ કેસમાં સંપૂર્ણ મૌન જાળવી રાખ્યું છે, જ્યારે બીજી તરફ (પી) ચિદમ્બરમ જેવા વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ બચાવમાં દલીલો રજૂ કરવામાં વ્યસ્ત છે.

તેમણે આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધીની ચૂંટણી પંચ, ભારતમાં લોકશાહી અને ચૂંટણીના આચારસંહિતા પરની ટિપ્પણીઓ સાબિત કરે છે કે કોંગ્રેસ દેશની સંસ્થાઓ પર હુમલો કરીને નેશનલ હેરાલ્ડ કેસ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. કોહલીએ કહ્યું કે ચૂંટણી પંચનો રેકોર્ડ દોષરહિત છે અને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત ઘણા લોકોએ ચૂંટણી જીતી છે. ભાજપના પ્રવક્તાએ કહ્યું કે, નેહરુ-ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટી પોતાના રાજકીય અને અંગત સ્વાર્થ માટે ભારતની સંસ્થાઓને પણ નિશાન બનાવવા તૈયાર છે. રાહુલે ગયા રવિવારે અમેરિકામાં એક કાર્યક્રમમાં ચૂંટણી પંચ પર ''સમાધાન'' કરવાનો આરોપ લગાવ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતાએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાન ટકાવારીના આંકડા ટાંકીને ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા હતા, જેના પર શાસક ભાજપે આકરી પ્રતિક્રિયા આપી હતી, જેમણે તેમને ''દેશદ્રોહી'' ગણાવ્યા હતા.

બીજી તરફ, કોંગ્રેસના સોશિયલ મીડિયા સેલના અધ્યક્ષ અને પાર્ટી પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે મંગળવારે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દેશ સામેના મહત્વપૂર્ણ મુદ્દાઓ અને તેની નિષ્ફળતાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે નેશનલ હેરાલ્ડ કેસમાં તથ્યોને વિકૃત કરી રહી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું, ''તાજેતરના ઐતિહાસિક ગુજરાત કોંગ્રેસના અધિવેશનથી ગભરાયેલી મોદી-શાહની જોડીએ ફરી એકવાર પાર્ટી પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો ઘા ઝીંકી દીધો છે.'' કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરાયેલી કહેવાતી ચાર્જશીટ એક શુદ્ધ રાજકીય ષડયંત્ર સિવાય બીજું કંઈ નથી.

# પેગાસસ જાસૂસી કેસમાં સુપ્રીમની ૨૯મી એ સુનાવણી

## ૨૦૨૧ માં, ઘણા મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતમાં પત્રકારો, રાજકારણીઓ અને સામાજિક કાર્યકરોના ફોનની જાસૂસી કરવામાં આવી હતી




નવીદિલ્હી, તા. ૨૨

સુપ્રીમ કોર્ટે પેગાસસ જાસૂસી કેસમાં દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી માટે ૨૯ એપ્રિલની તારીખ નક્કી કરી છે. આ અરજીઓમાં પત્રકારો અને અન્ય નાગરિકો પર અનધિકૃત દેખરેખના આરોપોની તપાસની માંગ કરવામાં આવી છે. પેગાસસ એક ઇઝરાયલી સોફ્ટવેર છે જેનો ઉપયોગ મોબાઇલ ફોનને હેક કરવા અને મોનિટર કરવા માટે થાય છે. ૨૦૨૧ માં, ઘણા મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતમાં પત્રકારો, રાજકારણીઓ અને સામાજિક કાર્યકરોના ફોનની જાસૂસી કરવામાં આવી હતી. આ પછી, સુપ્રીમ કોર્ટે આ મામલાની સ્વતંત્ર તપાસનો આદેશ આપ્યો હતો.

૨૦૨૧ માં, સુપ્રીમ કોર્ટે પેગાસસ મામલાની તપાસ માટે એક ટેકનિકલ સમિતિ અને એક દેખરેખ સમિતિની રચના કરી હતી. ટેકનિકલ સમિતિમાં સાયબર સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ અને નેટવર્ક નિષ્ણાતો - નવીન કુમાર ચૌધરી, પ્રભાહરન પી અને અશ્વિન અનિલ ગુમાસ્તેનો સમાવેશ થતો હતો. આ તપાસનું નિરીક્ષણ ભૂતપૂર્વ ન્યાયાધીશ આર.વી. રવિન્દ્રન કરી રહ્યા હતા, જેમાં ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી આલોક જોશી અને સાયબર સુરક્ષા નિષ્ણાત સંદીપ ઓબેરોયની મદદ લેવામાં આવી રહી હતી. આ કેસમાં વર્ષ ૨૦૨૨ માં કોર્ટમાં રજૂ કરાયેલા રિપોર્ટ અનુસાર, ૨૯ માંથી પાંચ મોબાઇલ ફોનમાં માલવેર મળી આવ્યું હતું. પરંતુ તે પેગાસસ હતું કે નહીં તે નક્કી થઈ શક્યું નહીં. કોર્ટે એમ પણ કહ્યું કે કેન્દ્ર સરકારે તપાસમાં સંપૂર્ણ સહયોગ આપ્યો નથી.

આજની સુનાવણી દરમિયાન, વરિષ્ઠ વકીલ શ્યામ દિવાને કોર્ટને જણાવ્યું હતું કે ટેકનિકલ સમિતિનો રિપોર્ટ હજુ સુધી અરજદારોને આપવામાં આવ્યો નથી, જોકે કોર્ટે તેના માટે પહેલાથી જ સૂચનાઓ આપી દીધી છે. તેમણે કેસની વહેલી સુનાવણીની માંગ કરી. કેસની સુનાવણી માટે સમયના અભાવે, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશવર સિંહની બેન્ચે હવે આગામી સપ્તાહે એટલે કે ૨૯ એપ્રિલે કેસની સુનાવણી કરવાનો આદેશ આપ્યો છે. ત્રણ ભાગમાં તૈયાર કરાયેલા અહેવાલનો એક ભાગ સૂચવે છે કે નાગરિકોના ગોપનીયતાના અધિકારનું રક્ષણ કરવા માટે કાયદામાં ફેરફાર કરવા જોઈએ. દેશની સાયબર સુરક્ષા પણ મજબૂત બનાવવી જોઈએ. આ કેસમાં, સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિને આદેશ આપ્યો હતો કે તે જાણવા માટે કે કેન્દ્ર કે કોઈ રાજ્ય સરકારે પેગાસસ ખરીદ્યું છે કે નહીં અને તેનો ઉપયોગ ભારતીય નાગરિકો વિરુદ્ધ થયો છે કે નહીં. એક આંતરરાષ્ટ્રીય મીડિયા જૂથે અહેવાલ આપ્યો હતો કે ૩૦૦ થી વધુ ભારતીય મોબાઇલ નંબર પેગાસસ વોચ લિસ્ટમાં હતા. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦૧૯ માં ભારતમાં નાગરિકો પર વોટ્સએપ હેકિંગ દ્વારા નજર રાખવામાં આવી હતી.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## કીટી પાર્ટી (બોધકથા)

### કીટી પાર્ટીનાં નામે કરતૂત! એ ટેગ સાથે વલ્લરીનો વિડિયો શું કામ વાયરલ થયો?



આજે તો હવે કીટી પાર્ટી શબ્દથી સૌ કોઈ પરિચિત હશે! પણ પહેલાંના સમયમાં કીટી પાર્ટી એ ફક્ત ધનવાન સમાજની મહિલાઓ માટે જ હતી! જ્યાં મોટેભાગે એ પોતાના પતિના બ્લેકમની ને રમી કે તીન પત્તીમાં ઉડાવતી. પછી તો ધીરેધીરે એમાં દારૂ, સિગરેટ, ડ્રગ્સ જેવા અન્ય દૂષણ પણ પ્રવેશ્યા! આ ઉપરાંત પોતાનાં પતિની આવકનું પ્રદર્શન કરવાનો હેતુ પણ ખરો! એટલે કે આ નેકલેસ તો ગયા વીકમાં મારા પતિ સિંગાપોરથી લાવ્યા! અને આ મારું પર્સ છે ને એ, સિંગાપોરથી લાવ્યા છે. બીજી વીંટી કે સેન્ડલ દેખાડી કહે આ દુબઈના એક્સ્પો માંથી લેવામાં આવી છે! ટૂંકમાં મીડલ ક્લાસની મહિલાઓને આવાં શોખ પોષાય નહીં. પરંતુ આજકાલ મીડલ ક્લાસની મહિલાઓ પણ કીટી પાર્ટી કરે છે! અને એમાં પણ જે વર્કિંગ વુમન નથી, અને પતિની સાથે નવા દેશ કે પ્રદેશમાં સ્થિર થઈ હોય, ત્યાં કુટુંબ કબીલુ કે અન્ય સગા સંબંધીઓ નથી હોતાં, અને પતિ મેટ્રો સીટીને કારણે છેક રાત્રે ઘરે પહોંચે છે, એ મહિલા આખો દિવસ બોર થઈ જાય છે, એટલે અઠવાડિયે કે મહિને કીટી પાર્ટી કરે, અને એ બહાને નિર્દોષ મનોરંજન મેળવે. કીટી પાર્ટી યોગ્ય છે કે અયોગ્ય? એ આજનો વિષય નથી! પરંતુ ક્યારેક આવી નિર્દોષ હરકતથી કોઈનું લગ્ન જીવન દાવ પર લાગી જાય છે! એવો એક કિસ્સો આજે બુધવારની બોધકથામાં.

વિભોર અને વલ્લરીના એરેન્જ મેરેજ થયાં અને બંને બેંગલોર સિફ્ટ થયાં. વિભોર એક મોટી કંપનીમાં ઊંચા હોદ્દા પર નોકરી કરતો હતો, અને એટલે જ વલ્લરી નોકરી કરે એવું એ ઈચ્છતો ન્હોતો. ઉલટું એણે તો વલ્લરી સાથે લગ્ન જ એ માટે કર્યા હતા કે એને કોઈ મોર્ડન યુવતી જોઈતી નહોતી. વલ્લરી દેખાવે સુંદર હતી, પણ એકદમ સાદી હતી, અને વિભોરને એની આ સાદગી સૌથી વધુ પસંદ હતી. જે ફ્લેટમાં એ લોકો રહેતા હતા ત્યાં મોના નામની એક ગુજરાતી યુવતી પણ પોતાના પતિ સાથે એકાદ વર્ષ પહેલાં રહેવા આવી હતી, અને અહીં એને બહુ મોટું ફ્રેન્ડ સર્કલ થઈ ગયું હતું, અને આ ગૃપ દર અઠવાડિયે એક મેમ્બરનાં ઘરે કીટી પાર્ટી માટે ભેગા થતાં હતાં. મોનાએ વલ્લરીને પણ પોતાની કીટી પાર્ટીનાં મેમ્બર થવા આગ્રહ કર્યો, વલ્લરી એ સ્પષ્ટ ના કહી, પણ પછી વિભોરે કહ્યું એટલે કીટી પાર્ટીની મેમ્બર બની.

એ કીટી પાર્ટીની તમાંમ મહિલાઓનું એક વોટ્સએપ ગ્રૂપ પણ હતું! જેમાં બધી મહિલાઓ એકદમ બિન્દાસ રીતે મેસેજ કરતી! ઈવન બેડરૂમની અંગત વાતો પણ જાહેર કરતી. ક્યારેક પોતાની યંગ એજનાં ક્રશની વાત પણ ખુલ્લા મને કરતી! આમ જુવો તો સાવ નિર્દોષ મસ્તીને કારણે ફ્રસ્ટ્રેશન બધું નીકળી જતું, અને બધાં હળવાફૂલ થઈ જતાં! પણ વલ્લરીને આ બધું થોડું વધુ પડતું લાગતું હતું!

કીટી પાર્ટી માટે આ બુધવારે વલ્લરીના ઘરનો વારો હતો, અને એણે બધાને મજા આવી જાય માટે પાણીપુરીની વ્યવસ્થા કરી રાખી હતી! ઉપરથી બધા માટે કાજુ ગુલકંદનો આઈસ્ક્રીમ અને પાનનો મુખવાસ પણ લાવી દીધા હતાં. કીટીનો સમય બપોરનો જ રહેતો, એટલે ઘરનું પુરુષ મેમ્બર ઓફિસે હોય. સમય થતાં વારાફરતી મોના, રેણું, વંદના, ઉષા, ક્રાંતિ સૂચી ભૂમિ નિમિષા, નતાશા એમ બધીજ સહેલીઓ આવી ગઈ. દર વખતની જેમ આ વખતે પણ રમત રમવાનું શરૂ થયું! અને કોઈને ગીત ગાવાનું, કોઈને ડાન્સ કરવાનું, કોઈને જોક્સ કરવાનું, તો કોઈને પઝલ સોલ્વ કરવાનું એમ આવ્યું! વલ્લરી ને ભાગે રોમેન્ટિક એક્ટિંગ કરવાની આવી, અને એ પણ એકદમ બોલ્ડ સીન સાથે! એણે ઘસીને ના પાડી પણ ટાસ્ક હતો, એટલે એમાં કંઈ ચાલે નહીં. નતાશા એકદમ બોયકટ વાળ વાળી ઉંચી અને એકદમ છોકરાં ટાઈપની હતી, એટલે એની સાથે રોમાન્સ કરવાં કહ્યું, અને એ પણ એકદમ મોર્ડન પહેરવેશ પહેરીને. બધીજ સહેલીઓ હતી એટલે આનાકાની કરતા કરતા એણે આ સીન કર્યો, અને નતાશાનો પાછળનો ભાગ અને વલ્લરીનું મોઢું આવે એમ એક બે ફોટા પણ પડ્યાં, અને એકબીજા એકબીજા કરતાં આ ફોટા વાયરલ થઇ ગયા! એક દિવસ વિભોર અને એનો ફ્રેન્ડ બને લંચ ટાઈમમાં લંચ કરતાં હતાં ત્યારે તેનાં ફ્રેન્ડ રોનકે એક ફોટો બતાવતા કહ્યું યાર યે લડકી તેરી બીવી જૈસી દિખતી હૈં ના! વિભોરે જોયું તો સાચે જ હતી! અને એ પણ આ લુકમાં, કોઈ અન્ય પુરુષ સાથે! એક મિનિટ તો એને શંકા ગઈ કે, શું મારી સીધીસાદી દેખાતી પત્ની, હું ઓફિસે આવું ત્યારે મારી પીઠ પાછળ કોઈ સાથે ફરે છે! તો શું આ સાદગી એક ઢોંગ છે? એ તેનાં મિત્ર સામું કેટલી ઉત્કંઠાથી જુવે છે, અને હમણાં જ એનો સાથી એને બાહોમાં સમાવી લેશે! પછી હોઠ પર હોઠ અને એ બંને વચ્ચેનાં તમામ બંધનો છૂટી જશે! અને બંને એકમેકમાં ઓગળી જશે! છીઈઈઈ...! મેં તો એને સાવ સીધીસાદી સમજીને લગ્ન કર્યા હતા, બાકી આવી ની તો લાઈન હતી, અને ન જાણે બીજું પણ કેટલુંય વિચારી લીધું કે, આ તો ન જ ચાલે! હું એને ડિવોર્સ આપી દઈશ! પણ પછી એણે શાંતિથી વિચાર્યું કે, એમ તો એના લગ્નને છ મહિના થયા, પણ ક્યારેય વલ્લરી એ ઉછાંછળાપણું કર્યું નથી! પોતાના અંગત સંબંધમાં પણ એ કાયમ શર્મિલી રહી છે! ના આ દેખાય છે એ પુરું સત્ય નથી! હું એમ વગર વિચાર્યે એને દંડી શકું નહીં, અને એણે આ ફોટો અંતે ક્યાંથી વાયરલ થયો છે, એ શોધવાનું નક્કી કર્યું,; તેમજ વલ્લરી સાથે પણ સ્પષ્ટતા કરવાનું વિચાર્યું, અને એના ફ્રેન્ડ પાસેથી એ ફોટો અને વીડિયો લઈ લીધાં. વિભોર ઘરે આવ્યો, રસ્તામાં વલ્લરીને કંઈ રીતે આ વાત પુછવી, એનું સતત રિહર્સલ કરતો કરતો આવ્યો હતો, પણ છતાં પુછવું કે ન પુછવું? એની અવઢવમાં એણે પોતાની ચાવીથી ઘર ખોલ્યું, અને જોયું તો કાયમ મુખ પર સ્મિત સજાવી એનું સ્વાગત કરવા તૈયાર રહેતી, વલ્લરી હોલમાં હતી નહીં! એને ફાળ પડી, અને એ કિચન, વોશરૂમ, બાલ્કની, બેડરૂમ, એમ એકપછી એક બધે ફરી વળ્યો, પણ વલ્લરી હતી નહીં, અને ત્યાં ટેરેસમાં કંઈક અવાજ આવતાં, એ ઉપર ભાગ્યો! એણે જોયું તો વલ્લરી ટેરેસના એક ખૂણામાં પોતાની જાતને સંકોરીને બેઠી હતી, અને ભયથી સતત ધ્રુજતી હતી. વિભોર એની પાસે ગયો, અને એ નાના બાળક જેમ એને વળગીને રડવા લાગી. વિભોરે એનાં વાંસામાં હાથ ફેરવતાં પુછ્યુ શુ થયુ! એટલે એણે પેલો વિડિયો બતાવ્યો! વિભોર જાણે પહેલીવાર જોયો હોય એમ કહ્યું શું છે આ? વલ્લરીએ ટૂંકમાં કીટી પાર્ટીનાં ટાસ્ક વિશે વાત કરી, અને નતાશાનો ફ્રન્ટ અને બેક બંને ફોટા બતાવ્યા! અને કહ્યું કે તમે ઈચ્છો તો નતાશા પોતે કહેશે કે, આ ફોટો અને વીડિયોમાં એ પોતે છે! વિભોર એ કહ્યું મને એની જરૂર નથી, પણ તું શું કામ આટલી ડરી ગઈ! એણે કહ્યું કે સોશ્યલ મીડિયા પર કીટી પાર્ટીને નામે કરતૂત! એવાં ટેગ સાથે આ ફોટો વિડિયો બધે વાયરલ થઇ ગયો છે, તો તમને કંઈ રીતે સાબિતી આપવી એ સમજાતું નહોતું, એટલે ટેરેસ પર સ્યુસાઈડ કરવા આવી હતી, પણ તમને આમ એકલા મુકીને મરવા માટે મન તૈયાર નહોતું! એણે કહ્યું એકવાર સચ્ચાઈ રાખી તો જો ! શક્ય છે, એને આ ફોટા કરતાં તારામાં વધુ ભરોસો હોય! બસ એટલે તમારી રાહ જોતી હતી. વિભોર એ કહ્યું ઓફ કોર્સ મને મારી ભોળી પત્નીમાં જ વધુ ભરોસો છે, અને આમ કહી એને પોતાની બાહોમાં સમાવી લીધી, અને એક ઘર તૂટતાં તૂટતાં બચી ગયું!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ખળભળાટ મચાવતી ઘટનાઃ જમવા બેઠો ત્યારે પત્નિને દૂધ લેવા મોકલીઃ પત્નિ પાછી આવી ત્યારે બે વર્ષના દિકરાની લાશ જોઇ અને પતિને પણ લટકતો જોયો

# ચોકીદાર પિતાએ પુત્રને પતાવી કર્યો આપઘાત

## સરતાન નામના શખ્સે હત્યા-આત્મહત્યા પુર્વે ચિઠ્ઠીમાં લખ્યું-આજે તારો છેલ્લો દિવસ છે, યમરાજ તને લેવા આવે છે!

રાજકોટઃ હત્યા, આત્મહત્યાની સતત બની રહેલી ઘટનાઓ સમાજને જે તે પરિવારજનોને ખળભળાવી મુકતી હોય છે. આ પ્રકારના બનાવો રાજ્યભરમાં અત્ર તત્ર સર્વત્ર બનતાં રહે છે. ઘણીવાર તો ઘરના જ ઘાતકી નીકળતાં હોય છે. હત્યા-આત્મહત્યાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક બાપે પોતાના બે વર્ષના માસુમ દિકરાને ગળુ દાબી મોતને ઘાટ ઉતારી દીધો હતો અને બાદમાં પોતે પણ સાડીથી ગળાફાંસો ખાઇ દુનિયા છોડી ગયો હતો! ચોંકાવનારી ઘટના જાહેર થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી ત્યારે આ ઘટનાને અંજામ આપતાં પહેલા યુવાને જે ચિઠ્ઠી લખી હતી તે પોલીસને મળી હતી. જેમાં તેણે લખ્યું હતું કે-યમરાજ મને લેવા આવે છે!

રાજ્યભરમાં ચકચાર જગાવી મુકવા સાથે અરેરાટી ફેલાવી દેનારી આ ઘટના ગાંધીનગર શહેર નજીક આવેલા ધોળાકુવા વિસ્તારમાં બની છે.

સિક્યોરિટી જવાન દ્વારા બે વર્ષના પુત્રની ગળું દબાવીને હત્યા કર્યા બાદ પોતે સાડી વડે ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધાની ઘટના બહાર આવી છે. જે અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. તેણે લખેલી અંતિમ ચિઠ્ઠી પણ પોલીસને મળી આવી છે. જેમાં યમરાજ લેવા આવતા હોવાના સપના આવતા હોવાનો ઉલ્લેખ હતો! પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે ગાંધીનગર શહેર નજીક આવેલા ધોળાકૂવામાં માઢવાળો વાસ ખાતે રહેતા સરતાનભાઇ વીરસીંગભાઇ પારઘીના પરિવારમાં પત્નિ જશોદા અને બે વર્ષના પુત્ર પ્રિન્સનો સમાવેશ થતો હતો. સરતાનભાઈ સિક્યુરિટી જવાન તરીકે નોકરી કરતા હતા.

દરમિયાન તેઓ સાંજના સમયે નોકરી ઉપર ગયા હતા અને રાત્રે સાડા દસેક વાગે તેઓ તેમનું બાઈક લઈને ઘરે પરત ફર્યા હતા અને તેમની પત્નિ જશોદાબેનને કહ્યું હતું કે ભૂખ લાગી છે જમવાનું આપ. જેથી તેમણે જમવાનું આપ્યું હતું. આ દરમિયાન તેમના પુત્ર પ્રિન્સને દૂધ પીવડાવ્યું હતું અને



સરતાનભાઈ માટે દૂધ નહીં વધતા તેમણે દુકાને જઈને દૂધ લઈ આવવા માટે કહ્યું હતું. જોકે જશોદાબેન દૂધ લેવા માટે ગયા હતા અને ત્યાંથી પરત ફર્યા ત્યારે ઘરનો મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો. જેથી તેમણે તેમની દેરાણીને બોલાવી હતી અને દરવાજા ઉપરથી બારીમાં હાથ નાખીને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે તેમણે જોયું તો તેમના પતિ સરતાનભાઈ ફાંસો ખાધેલી હાલતમાં જણાયા હતા અને બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા.

લોકોએ એકઠા થઇ ધક્કો મારીને દરવાજો ખોલ્યો હતો અને જોયું તો સરતાનભાઈ સાડી વડે ફાંસો ખાંધેલી હાલતમાં હતા તો તેમનો બે વર્ષે પુત્ર પણ બાજુમાં સૂતો હતો અને કઈ બોલતો નહોતો. જેથી જોયું તો તેના ગળાના ભાગે દુપટ્ટો બાંધેલો હતો અને જેથી આસપાસના લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા બંનેને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ તેમના મોત થયા હોવાનું બહાર આવ્યું હતું. આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને જશોદાબેનની ફરિયાદના આધારે તેમના પતિ સામે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ પુત્રની હત્યા અને આપઘાત કરતા પહેલા સરતાનભાઈએ અંતિમ ચિઠ્ઠી પણ લખી હતી. જે પોલીસને મળી આવી છે. જેમાં તેમણે યમરાજ તેમને લેવા માટે આવતા હોવાના સપના આવ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો અને આજે તારો અંતિમ દિવસ છે હું તને લઈ જઈશ તેવું પણ લખેલું હતું.

આ સંદર્ભે તેમની પત્નીને પૂછતા તેમણે પણ પતિને આ પ્રકારના સપના આવતા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ માની રહી છે કે છેલ્લા ઘણા સમયથી સરતાનભાઈ માનસિક રીતે અસ્વસ્થ હતા અને તેના કારણે આ પગલું ભર્યું હોવાનું લાગી રહ્યું છે. આમ છતાં અન્ય કોઇ કારણ તો નથી ને? તેની તપાસ યથાવત રાખી છે.

આ ઘટનામાં પિતાની માનસિક સ્થિતિ સારી નહોતી એ કારણે તેણે પોતાનો જીવ તો લીધો જ હતો, સાથે સાથે માસુમ નિર્દોષ એવા બે વર્ષના દિકરાને પણ મોતને ઘાટ ઉતારી દીધો હતો. પતિ અને દિકરા બંનેને ગુમાવનાર મહિલાની હાલત દયનીય બની ગઇ હતી.

# મતદાર નોંધણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક

## ગુજરાતમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી સામે એક પણ અપીલ નહીં

રાજકોટ, તા. ૨૨

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સામે અપીલ બાબતે તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ મુજબ ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી સામે રાજ્યમાંથી એક પણ અપીલ પ્રાપ્ત થઈ નથી. આ રિપોર્ટ પરથી સ્વયંસ્પષ્ટ છે કે, મતદાર નોંધણી પ્રક્રિયાની પારદર્શિતા તથા શુદ્ધતા તે સત્ય છે.

ભારતમાં લોકશાહી એ માત્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી વ્યવસ્થા જ નહીં પણ પારદર્શિતાનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ છે. સતત થતા રહેતાં વસતી વિષયક ફેરફારોને અનુરૂપ થઈ ચૂંટણી વ્યવસ્થાની સૌથી પાયાની બાબત એવી મતદાર યાદી અદ્યતન અને ક્ષતિરહિત બને તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં બુથ લેવલ ઑફિસર્સ અને મતદાર નોંધણી અધિકારીશ્રીઓ દ્વારા પૂરતી તપાસ બાદ લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૨ અને કલમ ૨૩ મુજબ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

મતદાર નોંધણી પ્રક્રિયામાં રાજકીય પક્ષોની સહભાગીતા સુનિશ્ચિત થાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી આ પ્રક્રિયા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જ તેમને બૂથ લેવલ એજન્ટ્સની નિમણૂક કરવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. રાજ્યના તમામ બુથ પર રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત ૪૧,૪૮૮ બુથ લેવલ એજન્ટ્સ દ્વારા મતદાર યાદીમાં



થતા સુધારા અને ફેરફાર માટે સહયોગ આપવામાં આવે છે. મતદાર યાદીમાં કરવામાં આવતા ફેરફારો સામે જરૂર જણાય તેવા કિસ્સાઓમાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૪ મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરી શકે છે. ત્યારબાદ પણ જો જરૂરી જણાય તો મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સમક્ષ બીજી અપીલ પણ કરી શકે છે.

તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ પૂર્વે તેમાં કરવામાં આવેલા નામ ઉમેરવા અને નામ કમી કરવા સહિતના અનેક સુધારાઓ સામે એક પણ અપીલ કરવામાં આવી નથી. ભારતના ચૂંટણી પંચ, સર્વોચ્ચ અદાલત અને બંધારણ દ્વારા સ્થાપિત નિયમો અને માર્ગદર્શિકાઓના સુચારૂ પાલન સાથે રાજ્યના ચૂંટણી તંત્રના ફૂટ સોલ્જર્સ ગણાતા બુથ લેવલ ઑફિસર્સથી લઈ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સુધીના સમગ્ર તંત્ર દ્વારા કાર્યદક્ષતા સાથે બજાવવામાં આવતી ફરજની આ ફલશ્રુતિ છે.

### ગુજરાતમાં નોંધાયા પાંચ કરોડથી વધુ મતદારો

હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઈ ગુજરાતમાં પાંચ કરોડથી વધુ મતદારો ચોજાયા છે જ્યારે સમગ્ર ભારતમાં ૯૯.૨૨ કરોડ મતદારો નોંધાયેલા છે બુધ લેવલ અધિકારીઓની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ૫૦,૦૦૦ થી વધુ નોંધણી થયેલી છે અને ભારતમાં ૧૦.૪૯ લાખ નોંધાયા છે તો બુથ લેવલ એજન્ટ ની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ૪૧ હજારથી વધુ જ્યારે આઈમો કે ભારતમાં ૧૩ લાખથી વધુ હોવાનું આવ્યું સામે.

પૈસા લેતી-દેતીમાં ઘડેલા કાવતરાનો પર્દાફાશ

# રાજકોટ પોલીસના નામે યુવાનનું અપહરણ કરી માંગી ખંડણી!

## શાકભાજીના વેપારી યુવાનને છેક હૈદરાબાદ લઇ જઇ મસ્જીદમાં પુરી દેવાયો હતોઃ એક કરોડ અડસઠ લાખ ન આપતાં ધમકાવીને તેના બદલામાં જમીન લખાવી લેવાઈ!

રાજકોટઃ પોલીસની ઓળખ આપી કેટલાક લેભાગુઓ તોડ કરી જતાં હોવાના કિસ્સા તો અવાર-નવાર બનતા હોય છે અને કહેવાતા નકલી પોલીસને અસલી પોલીસ પકડી લઇ ખાખીનો ખરેખરો રંગ પણ બતાવતી હોય છે. દરમિયાન એક ચોંકાવનારી અને ચર્ચા જગાવતી ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ પોલીસની ઓળખ આપીને શાકભાજીના વેપારી યુવકને ઉઠાવી લઇ જઇ છેક હૈદરાબાદના એક વિસ્તારમાં આવેલી મસ્જિદમાં લઇ જઇને ગોંધી રખાયો હતો. યુવક જયાં પહેલા નોકરી કરતો હતો તેના માલિકે સોપારી આપીને અપહરણ કરાવ્યું હતું અને બાદમાં એક કરોડ અડસઠ લાખની માંગણી કરી હતી. આ રૂપિયા નહીં આપતા તેની પાસેથી જમીન પડાવી લીધી હતી. સમગ્ર ઘટનામાં ચોંકાવનારી વાત એ છે કે આ ઘટના બની તેના ત્રણ વર્ષ પછી છેક એફઆઈઆર દાખલ કરાવવામાં આવી હતી.

વિગતે વાત કરીએ તો ચાંદખેડા વિસ્તારમાં આવેલા નિરંજનપાર્ક સોસાયટીમાં રહેતા અને મુળ રાજસ્થાનના જાલોર જિલ્લાના બાગરા ગામના રહેવાસી દિનેશ સોલંકીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ગોપીલા ઘાંચી અને કસ્કીદેવી ઘાંચી જે બંને સુરા ગામ, ઝાલોર જીલ્લો, રાજસ્થાનના વતની છે તેના વિરૂદ્ધ અપહરણ તેમજ ખંડણી તેમજ મારઝુડની ફરિયાદ કરી છે. દિનેશ સોલંકી તેમની બહેન અમીયા ગેલોત સાથે રહે છે અને ચાંદખેડામાં અનુપમ વેજીટેબલ નામથી શોપ ધરાવીને ધંધો કરે છે. દિનેશના પિતા સુજારામ સોલંકી, માતા પ્યારીદેવી અને પત્નિ તેમજ બાળકો તેમના વતનમાં રહે છે. દિનેશે જેના પર અપહરણનો આરોપ મુક્યો તે ગોપાલ ઘાંચીને છેલ્લા વીસ વર્ષથી ઓળખે છે.

દિનેશ અને ગોપાલ બન્ને દૂરના સંબંધી પણ થાય છે. વર્ષ ૨૦૧૯માં દિનેશ ગોપાલની ગાંધીરોડ ચાઇનામાર્કેટમાં આવેલી દુકાનમાં નોકરી કરતો હતો. ગોપાલ દિનેશને મહિને પચ્ચીસ હજાર રૂપિયા પગાર આપતો હતો અને બદલામાં કેશ કલેક્શનનું કામ કરાવતો હતો. દિનેશ જયારે ગોપાલ પાસે પગાર માંગે ત્યારે તે જવાબ આપતો હતો કે તું કામ ચાલુ રાખ હું તને તારો પગાર આપી દઇશ. જોતજોતામાં ચૌદ મહિના થઇ ગયા, પરંતુ ગોપાલે દિનેશને પગાર આપ્યો નહીં જેથી તેણે નોકરી જવાનું બંધ કરી દીધું હતું. નોકરી બંધ કરતા ગોપાલે પોતાનો અસલી રંગ બતાવ્યો હતો અને દિનેશને કહ્યું હતું કે મારે તારી પાસે ૧.૬૮ કરોડ રૂપિયા લેવાના નિકળે છે જેના કારણે તને પગાર નથી આપ્યો. ગોપાલે દિનેશ અને તેના પરિવારને ધમકીઓ આપવાનું શરૂ કર્યુ હતું. ગોપાલે કહેતો હતો કે, તું આ કામ કરવાનું ચાલુ રાખ નહીં તો તારા ઉપર ખોટા આક્ષેપ કરીને તને ફસાવી દઇશ.



ગોપાલની ધમકીથી દિનેશ કંટાળી ગયો હતો અને તેણે રાજસ્થાનની હાઇકોર્ટમાં પ્રોટેક્શન માટેની અરજી કરી હતી. કોર્ટે દિનેશની અરજી નામંજૂર કરતા ગોપાલની હિંમત વધી ગઇ હતી અને ફરીથી ધમકાવવાનું શરૂ કર્યું હતું. દિનેશ કંટાળીને તેના બેન બનેવી પાસે આવી ગયો હતો અને શાકભાજીનો ધંધો કરવા લાગ્યો હતો. ૨૩ એપ્રિલ ૨૦૨૨ના રોજ દિનેશ વસ્ત્રાપુર ખાતે આવેલી શ્રીક્ષેત્રપાળ વેજીટેબલની શોપમાં નોકરી કરતો હતો. એક દિવસ દિનેશ રાતે નવ વાગ્યાની આસપાસ શોપની બાજુમાં છાશ લેવા માટે ગયો હતો. ત્યારે એક ગાડી આવી હતી જેમાંથી ત્રણ શખ્સો આવ્યા હતા. ત્રણેય શખ્સો પૈકી એક શખ્સે દિનેશને કહ્યું હતું કે અમે રાજકોટ પોલીસમાંથી આવીએ છીએ. તમારા વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે જેથી તમારી ધરપકડ કરવાની છે.

દિનેશ કઇ બોલે તે પહેલા ત્રણેય શખ્સોએ તેને જબરજસ્તી ગાડીમાં બેસાડી દીધો હતો.

ગાડીમાં બેસતાની સાથે જ ત્રણેય શખ્સોએ દિનેશના આંખ પર રુમાલ બાંધી દીધો હતો, જયારે હાથ પગ પણ બાંધી દીધા હતા. અપહરણકર્તાઓએ દિનેશને હૈદરાબાદના વિસ્તારની એક મસ્જિદની રૂમમાં લઇ જઇને આંખે પટ્ટો અને હાથ પગ ખોલી દીધા હતા. તમામ લોકોએ દિનેશને માર માર્યો હતો અને કહેવા લાગ્યા હતા કે ગોપાલના પૈસા તે લીધા છે કે નહીં. ત્રણેયની વાત સાંભળીને દિનેશે જવાબ આપ્યો હતો કે મેં ગોપાલના કોઇ પૈસા લીધા નથી. ત્રણેય જણા દિનેશને વધુ માર મારવા લાગ્યા હતા અને બાદમાં તેના મોટાભાઇ હડમારામને ફોન કહ્યો હતો.

આથી દિનેશે ફોન કરીને ભાઇને કહ્યું હતું કે પોલીસ મને હૈદરાબાદ લઇને આવી છે અને ગોપાલના ૧.૬૮ કરોડ રૂપિયા રાજસ્થાન ખાતે આપી આવો નહીંતર આ લોકો મને મારી નાખશે તેવું કહે છે. હડમારામે અપરણકર્તાઓ સાથે વાત કરી હતી, પરંતુ તેઓ એક વાત ન માની ફોન કાપી નાખ્યો હતો. દિનેશને દિવસમાં ત્રણ વખત મારતા હતા અને બાદમાં તેના નામે નવું સીમકાર્ડ ખરીદી કર્યું હતું જેમાં તેના ભાઇ હડમારાને ફોન કર્યો હતો. દિનેશે ફોન પર ભાઇને કહ્યું હતું કે, રૂપિયા જલ્દી મોકલો આ લોકો મને મારે છે. દિનેશના પિતાએ તેમની જમીન ગોપાલ અને તેની માતાના નામે કરી દીધી હતી. અપહરણકર્તાઓએ દિનેશને અમદાવાદ ફલાઇટમાં ઘરે મોકલવાના એક લાખ રૂપિયા માંગી તેને અમદાવાદ મોકલ્યો હતો.

તેમજ દિનેશને અપહરણકર્તાઓએ ધમકી આપી હતી કે જો તું પોલીસ ફરિયાદ કરીશ તો હવે તારા પત્ની અને બાળકોનું અપહરણ કરીશ. દિનેશે જણાવ્યું કે ગોપાલના ડરના કારણે મોડી ફરિયાદ કરી છે. જયારે મારૂ અપહરણ થયું ત્યારે સવાર, બપોર, સાંજ અપહરણકર્તાઓ મને મારમારતા હતા. અમદાવાદથી હૈદરાબાદ સુધી મારા આંખામાં કપડુ બાંધેલુ હતું અને હાથ પગ પણ બાંધી દીધા હતા.

દિનેશે પહેલા પોલીસને જાણ કરી હતી. પરંતુ એફઆઇઆર હવે દાખલ કરાવી છે. પોલીસે હવે રાજકોટ પોલીસના નામે અપહરણ કરનારા અને કાવત્રાના સુત્રધાર ગોપાલ સહિતની શોધખોળ શરૂ કરી છે.


### પ્યાર ઇશ્ક ઔર મહોબ્બત-ગમે ત્યારે ગમે તેની સાથે ન કરાય પ્રેમઃ વધુ એક લાલબત્તી સમાન કિસ્સો

# ભાગીને લગ્ન કરનાર સાયમાને થયો પછતાવો

## સાસુએ કહ્યું-તું મુસલમાન છો એટલે અમને ગમતી જ નથીઃ પતિને પણ બીજી યુવતિઓ સાથે લફરા હોવાની ખબર પડીઃ મારકુટ પણ કરવા માંડ્યોઃ અંતે યુવતિએ પતિ-સાસુ સામે બી-ડિવીઝનમાં દાખલ કરાવી FIR

રાજકોટઃ પ્રેમ આંધળો હોય છે એવું કહેવાય છે. આ કારણે જ યુવક-યુવતિઓ અને ઘણીવાર તો સગીર વયના છોકરા છોકરીઓ પ્રેમમાં ઉંધમુંધ બનીને ઘર પરિવારનો કે ભાઇ ભાંડરડાનો વિચાર કર્યા વગર ભાગી નીકળતાં હોય છે. પરંતુ તેમના આ પગલા ઘણીવાર પાછળથી પસ્તાવો કરાવી દેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં કોલેજમાં ભણતી એક યુવતિને કોલેજમાં કુરીયર પાર્સલ આપવા આવતાં યુવાન સાથે પ્રેમ થઇ જતાં પરિવારની વિરૂધ્ધ જઇ ભાગીને કોર્ટમેરેજ કરી લીધા હતાં. પરંતુ ટુંકા સમયમાં જ આ લગ્ન તેના માટે ત્રાસરૂપ બની ગયા હતાં. સાસુએ તું મુસ્લિમ છો અમારા ઘરને લાયક નથી કહી ત્રાસ ચાલુ કર્યો હતો, તો પતિને બીજી સ્ત્રીઓ સાથે પણ લફરા હોવાની તેણીને ખબર પડી હતી. પતિ પણ હવે બેફામ મારકુટ કરવા માંડ્યો હોઇ ના છુટકે આ યુવતિને માવતરે આવી ફરિયાદ દાખલ કરાવી છે.

ખાસ કરીને કોલેજીયન છાત્રાઓ કે જે ગમે તેની સાથે પ્રેમમાં પડી લવેમેરેજ કરી ભાગી નીકળે છે તેના માટે લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો બી-ડિવીઝન પોલીસે મુળ માધાપર ચોકડી મનહરપુર-૧ ગામની અને હાલ ત્રણેક મહિનાથી રીબડામાં અવંતીકા એવન્યુ-એ ખાતે રહેતી વીસ વર્ષની સાયમા મહેશ ઉર્ફ મયુર સાગઠીયાની ફરિયાદ પરથી તેણીના સાસુ શાંતાબેન કળુભાઇ સાગઠીયા અને પતિ મહેશ ઉર્ફ મયુર કળુભાઇ સાગઠીયા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. સાયમાએ જણાવ્યું છે કે ત્રણેક વર્ષ પહેલા હું કોલેજમાં ભણતી હતી ત્યારે મહેશ ઉર્ફ મયુર અમારી કોલેજે કુરીયર આપવા આવતો હોઇ અમારી વચ્ચે મુલાકાત મિત્રતા બાદ પ્રેમ થયો હતો. અમે પુખ્ત વયના હોવાથી અમારી મરજીથી કોર્ટમેરેજ કર્યા હતાં. આથી મારા પિતાએ અમને બંનેને હાઇકોર્ટમાં હાજર થવા કેસ કર્યો હતો.



તેણીએ આગળ કહ્યું હતું કે અમે હાઇકોર્ટમાં હાજર થયા હતાં અને મેં હું મારા પતિ સાથે જ રહેવા ઇચ્છુ છું તેવું નિવેદન ન્યાયાધીશ સમક્ષ લખાવ્યું હતું. મારા લગ્ન જીવન દરમિયાન મારે સંતાન નથી. મારા માવતર જુના મોરબી રોડ પર જકાતનાકા પાસે શ્રીનાથ ટ્રાન્સપોર્ટ સામે રહે છે. મારા પિતાનું નામ શકીલભાઇ મંજુરભાઇ કાદરી છે. અમારુ મુળ વતન ઉત્તરપ્રદેશનું કાનપુર છે. મારા માતાનું નામ રેશ્માબેન છે. મારે એક ભાઇ છે. મેં કોલેજમાં બે વર્ષ સુધી અભ્યાસ કર્યો છે. હાલમાં ત્રણેક મહિનાથી અમે રીબડા ખાતે રહીએ છીએ. અહિ મારી સાથે મારા સાસુ શાંતાબેન અને પતિ રહે છે. મારા જેઠ અલગ રહે છે અને મારા નણંદ સાસરે છે. અગાઉ મેં મરી સાથે ભાગીને લગ્ન કર્યા ત્યારે અમે ઘંટેશ્વરમાં રહેતાં હતાં. તે વખતે એક વખત મારા સાસુના મોબાઇલમાં કોઇનો ફોન આવીને કટ થઇ જતાં તેણે મને ફરી ફોન જોડી દેવા કહ્યું હતું.

પરંતુ મારા પતિએ ફોન જોડવાની ના પાડી હતી. આમ છતાં મેં ફોન જોડી દેતાં ગુસ્સે થઇ મારા પતિએ મને બે ત્રણ ઝાપટો મારી દીધી હતી. આથી હું રડવા માંડી હતી. આ વખતે તેને કંઇ કહેવાને બદલે મારા સાસુ ફોન લઇ બહાર નીકળી ગયા હતાં.

આ પછી મારા સાસુ મને અવાર-નવાર હું મુસ્લિમ હોઇ અને તે હિન્દુ હોઇ તે બાબતે મેણાટોણા મારવા માંડ્યા હતાં. મારી પાસે મોબાઇલ ફોન હોઇ હું કોઇની સાથે વાત કરુ તો મારા પર ખોટી શંકા કરરી રાતે મારા પતિ આવે ત્યારે તેને મારા વિરૂધ્ધ ખોટી ચઢામણી કરી ખોટી ખોટી વાતો કરતાં જેથી હું આ બાબતે કંઇ બોલુ તો મારો પતિ મને ઢીકાપાટુનો માર મારતો હતો. આ રીતે મને સતત માનસિક ત્રાસ શરૂ થયો હતો.

મારા સાસુ મને અવાર-નવાર કહેતાં કે તું મુસલમાન છો, અમારા ઘરે તને લઇ જ નહોતી આવવી પણ મારા દિકરાએ તારી સાથે પ્રેમલગ્ન કર્યા છે એટલે તને રાખી છે, બાકી તને બહાર કાઢી મુકુ, તું અમને ગમતી જ નથી.

આમ કહી સાસુ સતત ત્રાસ આપે છે. એક વખત સાસુએ મને કહેલુ કે મારા દિકરાએ તારા પહેલા દેવીપૂજકની યુવતિને રાખીને બેઠો હતો. આ વાત મારા પતિએ પણ તેના મોઢે સ્વીકારી હતી. છેલ્લા એકાદ મહિનાથી મને વધુ ત્રાસ અપાતો હોઇ મેં તેને આ બાબતે કંઇ કહ્યું નહોતું. પંદરેક દિવસથી મારા માતા મારી સાથે ફોનમાં વાતક રતાં હોઇ મને તેણે કહેલુ કે તારા પિતા બિમાર પડી ગયા  છે અને હૃદય રોગનો હુમલો આવ્યો છે. મારા માતાને પણ મજા ન રહેતી હોઇ તેણે મને ઘરે બોલાવતાં મેં મારા પતિને મને માવતરે મુકી જવાનું કહેતાં મારો પતિ મને ફોરવ્હીલમાં મારા માતાના ઘર પાસે મુકી જતો રહ્યો હતો.

હું માવતરે જતાં ત્યાં મારા પિતા શકીલભાઇ, માતા રેશ્માબેન, અમારા ધર્મગુરૂ મહેબુબશા બુખારી તથા અમારા ઓળખીતા રાણીબેન પરમાર એમ બધા હાજર હોઇ મેં બધી વાત કરી હતી.

આ પછી મારા માતાએ કહેલું કે તારા પતિને અન્ય કોઇ સ્ત્રી સાથે મિત્રતા છે અને બંનેએ મૈત્રીકરાર કર્યા છે. મારા પતિને અનય મહિલાઓ સાથે પણ સંબંધ હોઇ ઘરમાં વારંવાર કજીયા કંકાસ કરી મારા સાસુના કહેવાથી મારકુટ કરી ત્રાસ આપતો હોઇ મારા વમાતરે મને જસમજાવતાં હવે મારે પતિના ઘરે જવું નથી.  તેમ વધુમાં સાયમાએ કહેતાં બી-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. એન. પીઠીયાએ તેણીના પતિ, સાસુ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ આગળ ધપાવી છે. આ કિસ્સાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે.

# ખોટી વિગતો આપી મેરેજ સર્ટિફિકેટ લેનાર ૧૧૯ સગીરો બ્લેકલિસ્ટ

## ૧૮ વર્ષ પહેલા કોઈ મેરેજ સર્ટિફિકેટ માટે અરજીઓ કરી હોય તે અરજીઓ પર લાગશે બ્રેક : છેલ્લા ચાર માસમાં ૨૯ અરજીઓ કરી હોવાનું આવ્યું સામે

રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકા માં એક મુદ્દો હજી શાંત ન પડ્યો હોય ત્યાં બીજો મુદ્દો સતત ઉભો થઈ જાય છે ત્યારે ગઈકાલે મહાનગરપાલિકા ના મેરેજ રજીસ્ટર વિભાગમાં ઘણા ખરા એવા પ્રશ્નો ઊભા થયા જેને લઈને હાલ ચર્ચા એ જોર પકડ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા એક વર્ષમાં અરજી કરતાં ઉંમર ઓછી હોવાનું માલુમ પડ્યું અને તેવા ૧૧૯ યુગલોને મનપા દ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. એટલું જ નહીં છેલ્લા ચાર મહિનાની જો વાત કરવામાં આવે ૨૯ સગીરાઓ લગ્ન કર્યા બાદ મેરેજ સર્ટિફિકેટ માટે અરજી કરી હોવાનું માલુમ પડ્યું ત્યારે તેવા તો ક્યા કારણો સામે આવ્યા કે ૧૧૯ કપલો કે જે લગ્નની ઉંમર કરતાં પણ નાના હોય અને તેઓને મેરેજ સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યા હોય ક્યાંક ને ક્યાંક તંત્રની કામગીરીને લઈને પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હવે મહાનગરપાલિકા આ અંગે કયા પ્રકારના પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું.

મનપાના મેરેજ રજીસ્ટ્રાર વિભાગમાં મેરેજ સર્ટી માટે આવતા મોટા ભાગના યુગલો પારંપારીક રીતે લગ્ન કર્યા બાદ સર્ટી કઢાવા માટે આવતા હોય છે. નિયમ મુજબ યુગલો દ્વારા લગ્નનું સ્થળ તેમજ બન્નેના માતા-પિતાની સંમતિ સહિતના ડોક્યુમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે. રજીસ્ટાર ઓફિસમાં આવતા યુગલોએ ક્યા સ્થળે લગ્ન કર્યા તે દર્શાવવુ ફરજિયાત છે. પરંતુ પ્રેમ લગ્ન કરનાર એટલે કે ઘરેથી ભાગીને મંદિરમાં અથવા અન્ય કોઈ સ્થળે લગ્ન કરી લીધા હોય અને ત્યાર બાદ મેરેજ સર્ટીની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ પ્રકારના યુગલો દ્વારા મનપાના મેરેજ રજીસ્ટાર વિભાગમાં અરજી કરવામાં આવતી હોય છે. જેના લીધે ડોક્યુમેન્ટ ચકાસણી દરમિયાન પ્રથમ પતિ અને પત્નીની ઉંમર ચેક કરવામાં આવે છે.

જેમાં ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન ૯૦ યુગલો કે જેની ઉંમર કરતા ઓછી હોવાનું જાણવા મળેલ આ તમામ કિસ્સામાં મોટેભાગે યુવકની ઉંમર ઓછી હોવાનું નોંધવામાં આવ્યું છે. અમુક કિસ્સામાં યુગલોને સંતાન થઈ ગયા બાદ મેરેજ સર્ટી માટે અરજી કરવામાં આવી હતી અને પુછપરછ દરમિયાન તેઓએ અમારી ઉંમર ૨૫ વર્ષથી વધુ છે. તેમ જણાવેલ પરંતુ લગ્ન સમયે તેઓ સગીર હોવાથી આ પ્રકારની તમામ અરજીનો અભ્યાસ કરી ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન આવેલ ૯૦ અરજી અને ૨૦૨૫ના એપ્રીલ માસ સુધીમાં આવેલ ૨૯ અરજી અમાન્ય રાખી તમામ કપલોના નામ સાથેના ડોક્યુમેન્ટને સેવ કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવ્યા છે.

મનપાના આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ રાજકોટની હદમાં લગ્ન કરેલા હોય અને મનપાની લગ્ન રજીસ્ટાર કચેરીમાં અરજી કરી હોય તેવા ૧૧૯ કપલોને અત્યાર સુધી બ્લેક લીસ્ટ કરાયા છે. છતાં અમુક યુગલો દ્વારા ગ્રામ્ય પંચાયતોમાં લગ્ન નોંધણી સર્ટી માટે અરજી કરી પૈસાની લેતી-દેતી કરી મેરેજ સર્ટી કઢાવી લીધાનું જાણવા મળેલ છે. છતાં મનપા દ્વારા બનાવવામાં આવેલ સોફ્ટવેરમાં સગીર વયના યુવક-યુવતિઓએ લગ્ન કરેલા હોય તે માન્ય રહેતા નથી અને આ પ્રકારના યુગલો દ્વારા કરવામાં આવેલ અરજી નામંજુર કરી તેમને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવી રહ્યા છે.

### અપમૃત્યુની વધુ ચાર ઘટનાઓ હતભાગી મૃતકોના સ્વજનોને શોકના સમંદરમાં ધકેલી ગઇ


# મોતનો કૂવોઃ પગ લપસતાં ખાબક્કેલી પરીણિતાનુ મોત

## બેડી ગામે પાણી ભરતી વખતે દુર્ઘટનાએ બે સંતાનને મા વિહોણા કર્યાઃ બીજા બનાવમાં તાવ દોઢ વર્ષની માસુમ બાળકીનો જીવ લઇ ગયોઃ ટ્રેનની ટક્કરે યુવાનનું અને બેભાન હાલતમાં પ્રૌઢનું થયું મૃત્યુ

રાજકોટઃ જન્મ લેનારા દરેક માનવીને પરલોકનું તેડુ એકને એક દિવસ આવવાનું જ હોય છે. પરંતુ મોત ક્યારે આવી જાય, ક્યાંથી આવી જાય અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. અમુક લોકો જાતે જ પોતાની જિંદગીનો અંત આપી લેતાં હોવાના કિસ્સાઓ પણ બનતા રહે છે. અપમૃત્યુની વધુ આવી ઘટનાઓ નોંધાઇ છે. જેમાં એક પરિણીતા પાણી ભરવા માટે કૂવા પર ગઇ ત્યારે પગ લપસતાં અંદર પડી ગઇ હતી. આ કૂવો તેના માટે મોતનો કૂવો સાબિત થઇ જતાં પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. બીજી ઘટનામાં વધુ એક માસુમ બાળકને તાવની બિમારી ભરખી ગઇ હતી. તો એક યુવાન ટ્રેનની અડફેટે આવી જતાં જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી. એક પ્રૌઢ બેભાન થઇ ગયા બાદ મોત નિપજ્યું હતું. આ માનવીના કોઇ વાલીવારસ પણ પોલીસને મળી આવ્યા નહોતાં.

ઘટના પર નજર કરીએ તો શહેરના રાજકોટ-મોરબી હાઇવે  પર આવેલા બેડી હડમતીયા ગામે અરેરાટી ભરી ઘટના બની ગઇ હતી. આ ગામે રહેતી સત્યાવીસ વર્ષની હેતલબેન સુરેશભાઇ સુરાણી નામની પરિણીતા પોતાની વાડીના કૂવામાંથી પાણી ભરવા ગઇ ત્યારે અંદર પડી ગઇ હતી. મોડે સુધી તેણી પાણી ભરીને પરત ન આવતાં પરિવારજનો તપાસ કરવાં જતાં તેણી અંદર પડી ગયાનું જણાતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પરિવારજનોએ તેણીને બેભાન હાલતમાં બહાર કાઢી હતી. ૧૦૮ને જાણ કરવામાં આવતાં તેના તબિબ અક્ષય બાંભણીયાએ તેણીને મૃત જાહેર કરતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાઇ ગયો હતો. આ ઘટનાની જાણ તબિબે કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ ફતેહસિંહ સોલંકીએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. પ્રશાંતભાઇ સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ કૂવામાંપડી જતાં મોતને ભેટેલી હેતલબેનના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે પુત્ર છે. પતિ ખેતી મજૂરી કરે છે. તેણી બે ભાઇની એકની એક બહેન હતી. તેના માતા-પિતા રાજકોટ રૈયા રોડ પર નહેરૂનગર વિસ્તારમાં રહે છે. પ્રાથમિક તપાસમાં તેણી પાણી ભરવા ગઇ ત્યારે પગ લપસી જતાં અંદર પડી ગયાનું ખુલ્યું હતું. આમ છતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. અંતિમવિધી બાદ સાસરીયા અને માવતર પક્ષના સ્વજનોના પોલીસ નિવેદન નોંધશે. આ ઘટનાથી બે માસુમ ભુલકા મા વિહોણા થઇ જતાં પરિવારમાં શોકની કાલીમા વ્યાપી ગઇ હતી.



રાજકોટ શહેરમાં વધુ એક વખત તાવ માસુમ બાળક માટે કાળમુખો, જીવલેણ સાબીત થયો છે. શહેરમાં રોગચાળો ઘટી ગયાનો આંકડાઓ સાથે તાજેતરમાં જ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે મસમોટા દાવા કર્યા હતાં. આ વચ્ચે જ ઝાડા-તાવને કારણે માસુમ બાળકીનો જીવ લેવાઇ ગયો છે. શહેરમાં કોઠારીયા રોડ શિતળાધાર પાસે સરદાર ગૌશાળા નજીક રહેતાં અનિલકુમાર જેસ્વાલની દિકરી સ્વાતી કે જેની ઉમર માત્ર દોઢ વર્ષ હતી તેણીને ત્રણેક દિવસ પહેલા તાવ ચડતાં અને ઝાડા પણ થઇ જતાં ઝનાના હોસ્પિટલમાં ખસેડાતાં બાળકોના વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી.

પરંતુ સારવાર કારગત ન નીવડતાં આ માસુમનો જીવનદીપ ગત સાંજે બુઝાઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ મારફત જાણ થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સ્વાતિ એક ભાઇથી નાની હતી. તેના પિતા અનિલકુમાર મુળ યુપીના વતની છે અને કારખાનામાં મજૂરી કરે છે.

લાડકવાયી દિકરીના મૃત્યુથી પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. અગાઉ પણ આ રીતે બાળકોના તાવને કારણે મૃત્યુ થયા છે. જેમાં વધુ એક બનાવ ઉમેરાયો છે. હજુ બે બે દિવસ પહેલા જ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે શહેરમાં રોગચાળો ઘટી ગયાનો દાવો કરી આંકડાઓ પણ રજૂ કર્યા હતાં. ત્યાં તાવ ઝાડાનો રોગચાળો વધુ એક પરિવારની લાડકવાયીની જિંદગી ખતમ કરી ગયો છે.

ત્રીજા બનાવમાં શહેરના ગોંડલ રોડ પર માલધારી ફાટક પાસે મોડી રાતે અજાણ્યો આશરે ૪૦ વર્ષનો યુવાન ટ્રેન હેઠળ આવી જતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું છે. માથુ મોઢુ પણ છુંદાઇ ગયા હોઇ ઓળખ થઇ શકે તેમ નથી. આ યુવાન પાસેથી તેની ઓળખ થઇ શકે તેવી કોઇ ચીજવસ્તુ મળી આવી નથી. મૃતકના વાલીવારસ, પરીચીત હોય તો આજીડેમ પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે. એએસઆઇ એચ. વી. મારવણીયા વધુ તપાસ કરે છે.

ચોથા બનાવમાં કોઠારીયા સોલવન્ટના નાગબાઇપરા-૨માં રહેતાં નાથાભાઇ બાવનજીભાઇ જાદવ નામના ચોપન વર્ષના  પ્રૌઢ સાંજે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આ બનાવોની નોંધ કરી જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આ ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો.

### સગીર-સગીરાઓ ગૂમ થઇ જવાની રાજકોટ શહેરમાં વધી રેહલી ઘટનાઓમાં વધુ એકનો ઉમેરોઃ બસ સ્ટેશન પાછળ બનાવ

# પિતા સાથે રહેતો સોળ વર્ષનો ટેણીયો ભેદી સંજોગોમાં લાપત્તા

## એ-ડિવીઝન પોલીસે દાખલ કર્યો અપહરણનો ગુનોઃ સગીર જાતે ગયો કે કોઇ લલચાવીને લઇ ગયુંઃ તપાસનો ધમધમાટ

રાજકોટઃ શહેરમાં સગીરો અને સગીરાઓ એટલે કે તરૂણ વયના છોકરા-છોકરીઓ ગૂમ થઇ જવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. તેમાં પણ સગીરાઓ ગૂમ થઇ જવાની ઘટના વધુ બનતી હોય છે. કોર્ટના આદેશ અનુસાર સગીર ગૂમ થવાના કિસ્સામાં પોલીસે અપહરણનો ગુનો દાખલ કરવો પડે છે. મોટે ભાગે સગીરા ગૂમ થઇ હોય તેમાં જે તે પરિચીય છોકરો કે પ્રેમી ભગાડી ગયાનું ખુલતું હોય છે. આ વચ્ચે શહેરના એસ ટી બસ સ્ટેશન પાછળ કોમ્પ્યુટર રીપેરીંગની દુકાન ધરાવતાં અને દુકાનમાં જ રહેતાં વેપારીનો તેની સાથે જ રહેતો સોળ વર્ષનો દિકરો ભેદી રીતે ગૂમ થઇ જતાં પોલીસ સુધી સમગ્ર હકિકત પહોંચતા તુરત જ પોલીસે અપહરણની એફઆઇઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં સોળ વર્ષનો ટેણીયો રવિવારે સવારે દુકાનમાંથી નીકળી ગયા બાદ ગૂમ થઇ જતાં અને શોધખોળ કરવા છતાં નહિ મળતાં તેમજ તેનો ફોન પણ બંધ આવતો હોઇ પોલીસને જાણ કરી છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ઢેબર રોડ એસટી બસ પોર્ટ પાછળ સીટી પેલેસ હોટલ અને શિવશક્તિ ટ્રાવેલ્સની બાજુમાં ધૈર્ય ઇન્ફોસીસ નામે દુકાન નંબર-૨માં રહેતાં અને ત્યાં જ કોમ્પ્યુટર રીપેરીંગને લગતું કામ કરતાં છેતાલીસ વર્ષના ભાવેશભાઇ મનહરલાલ ટાંકની ફરિયાદ પરથી તેના સોળ વર્ષના દિકરાના અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ભાવેશભાઇ ટાંકે જણાવ્યું છે કે મારા લગ્ન પચ્ચીસ વર્ષ પહેલા ગોંડલ ખાતે થયા હતાં. દસેક વર્ષ પહેલા મારા પત્નિ મને છોડીને જતાં રહ્યા છે. મારી દિકરી સાસરે છે અને સોળ વર્ષનો દિકરો મારી સાથે દુકાનમાં રહી તે પણ કોમ્પ્યુટરને લગતા કામમાં મને મદદ કરે છે.




તેમણે વધુમાં કહ્યું હતું કે શનિવારે ઓગણસમીએ રાતે સાડા અગિયારેક વાગ્યે હું અને દિકરો કામ પુરુ કરી ઉંઘી ગયા હતાં. મને દાંતમાં દુઃખાવો થતો હોઇ મોડી રાત સુધી ઉંઘ આવી નહોતી. બાદમાં વીસમી તારીખે રવિવારે સવારે સાડા ચારેક વાગ્યે નિંદર આવી ગઇ હતી. ત્યારે દિકરો દુકાનમાં જ સુતેલો હતો. સવારે દસેક વાગ્યે મંગાળ રોડ પર શિવાય બીઝ નામે કોમ્પયુટર રીપેરીંગની દુકાન ધરાવતાં વિમલભાઇ ગોંડલીયા મારી દુકાને કોમ્પ્યુટર રીપેર કરાવવા આવતાં તેણે શટર ખોલતાં હું જાગ્યો હતો. ત્યારે દિકરો દુકાનમાં ન હોઇ તે આજુબાજુમાં ફ્રેશ થવા કે નાસ્તો કરવા ગયાનું મને લાગ્યુ હતું. પરંતુ સાડા અગિયાર થવા છતાં તે ન આવતાં અને તેનો ફોન પણ બંધ આવતો હતો.આથી મેં દુકાન પાસે પાંચેક મહિનાથી ઓટલા પર સુઇ રહેતાં બાપાને મારા દિકરા વિશે પુછતાં તેણે કહેલું કે તે સામે ચામુંડા પાન પાસે સવારે પોણા આઠેક વાગ્યે હતો. જેથી મેં પાનવાળાને પુછતાં તેણે તમારો દિકરો સામે બંસીધર નાસ્તાની દુકાને ગયો હતો. આથી મેં ત્યાં પુછતાં ત્યાંના કર્મચારીએ કહેલુ કે તમારો દિકરો બહારગામ જવાની વાત કરતો હતો, પણ ક્યાં જવું છે તે કહ્યું નહોતું. આ પછી મેં બસ સ્ટેશનની આજુબાજુની દુકાનો, હોટેલો, બસ સ્ટેશનની અંદર તપાસ કરી હતી. પણ મારો દિકરો ક્યાંય મળ્યો ન હોઇ પોલીસને જાણ કરી હતી. એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શનમાં હેડકોન્સ. લાભુભાઇ જતાપરાએ સગીર ગૂમ થવાના કિસ્સામાં અપહરણનો ગુનો નોંધી મોબાઇલ ફોનને આધારે અને સીસીટીવી કેમેરાને આધારે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દ્રષ્ટીએ પોલીસને આ સગીર જાતે જતો રહ્યાની શક્યતા જણાઇ રહી છે. આમ છતાં તે સગીર હોઇ અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ID બનાવી ક્રિકેટ સટ્ટો રમતા બે ઝડપાયા

## એરપોર્ટ રોડ પાસેથી જયેશ ઝડપાયો જ્યારે લક્ષ્મીનગરના અશોક ગાર્ડન પાસેથી ભવ્ય ગુણા લાગ્યો પોલીસના હાથે



રાજકોટ, તા. ૨૨

હાલ ઇન્ડિયન પ્રીમિયર લીગ ચાલી રહી છે અને આ ક્રિકેટ ટુર્નામેન્ટની સાથો સાથ ઓનલાઇન મેચનો સટ્ટો રમતા હોવાના કિસ્સાઓમાં પણ અનેક ઘણો વધારો નોંધાયો છે ત્યારે ગઈકાલે શહેરના એરપોર્ટ રોડ પર આવેલા શિવાનંદ ઉદ્યાનના ગેટ પાસે પીસીબીની ટીમે લક્ષ્મી નગર મેઈન રોડ પર માલવયા નગર પોલીસે જે બાતમી આપી તે આધારે દરોળો પાડી ક્રિકેટ મેચ પર સટો રમતા બે લોકોને પકડી પાડવામાં આવ્યા હતા. હાલ આ અંગે જે વિગતો મળી રહી છે તે મુજબ એરપોર્ટ રોડ પર એક વ્યક્તિ ક્રિકેટ મેચ પર સટો રોમતો હોવાની પીસીબીના એએસઆઈ મહિપાલસિંહ ઝાલા અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા સહિતનાઓને બાથમી મળી હતી જેના આધારે તેઓએ એરપોર્ટ રોડ પર આવેલા શિવાનંદ ઉદ્યાનના ગેટ પાસે દરોડો પાડી મોબાઈલ ફોનમાં આઈડી બનાવી વેપારી જયેશ મેથાણી કે જે દાણાપીઠ જૂનાગઢનો ઉતારો પાસે રહે છે તેને પકડી પાડી કપાત લેનાર અનિલ કોટકની શોધખોળ શરૂ કરી છે. જ્યારે વધુ એક દરોડામાં માલવયા નગર પોલીસના હેડ કોન્સ્ટેબલ એબી વીકમાં અને કોન્સ્ટેબલ ભાવેશ ગઢવી સહિતનાઓને બાતમી મળી હતી જેના આધારે દરોડા પાડી લક્ષ્મી નગર મેઇન રોડ પાસે અશોક ગાર્ડન પાસે મોબાઇલમાં ફોનમાં આઈડી બનાવી ક્રિકેટ મેચ પર સટો રમતા હોવાનું માલુમ પડ્યું હતું જ્યાં બજરંગ ચોક ચંદ્રેશ નગર મેઇન રોડ પાસે રહેતા ભવ્ય ગુણાને પકડી પાડી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે આ પ્રકારના બનાવવામાં ઘટાડો આવે તે માટે હાલ જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ આ દૂષણોથી નવ યુવાનોને બચાવવા ખૂબ જરૂરી છે. ત્યારે ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન ઘટે તે માટે હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

# પોલીસ કમિશનર કચેરીમાં રહેતાં એકપણ 'પારેવડા'ના ગળા સુકા નહિ રહે



રાજકોટઃ હાલમાં ઉનાળો ખુબ તપી રહ્યો છે. મોડી સાંજ સુધી લોકો આકરા તાપને સહન કરી રહ્યા છે. આ વચ્ચે પારેવડા-પંખીઓને સરળતાથી પાણી મળી રહે તે માટે લગભગ દરેક નગરજન પોતાના ઘરે પાણીના કુંડીયાની વ્યવસ્થા રાખે છે. શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે પણ પાણીના કુંડીયાની વ્યવસ્થા કરવામાં આવી હોઇ અહિ આવતાં એકપણ પારેવડા-પક્ષીના ગળા હવે સુકા નહિ રહે. હાલમાં કાળઝાળ ગરમી પડી રહી હોઇ શહેર પોલીસ દ્વારા પોલીસ કમિશનર કચેરી ખાતે પક્ષીઓ માટે પાણીના કુંડા મુકવામાં આવ્યા છે. આ કુંડાઓને નિયમીત ચોખ્ખા કરી ફરી પાણીથી ભરવામાં આવે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ડીજીપી વિકાસ સહાયએ આ સદ્કાર્ય કરવા સુચન કર્યુ હોઇ તે અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા,ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી પૂજા યાદવ, ડીસીપી જગદીશ બાગંરવાએ પાણીના કુંડા મુક્યા હતાં. પોલીસ કમિશનર કચેરી સંકુલમાં ઉડીને આવતાં પારેવડાઓના પાણીના કુંડીયાની રોજ સફાઇ થાય અને ફરી પાણી ભરવામાં આવે તેની ખાસ જવાબદારી અધિકારીઓએ સોંપી છે.

### આઇશરના ચોરખાનામાંથી પીસીબીએ જથ્થો ઝડપી લીધા બાદ વધુ એક પ્લાન નિષ્ફળ બનાવતી પોલીસ

# નાના ડબ્બાઓ અંદર કલર-પુટ્ટીને બદલે ભરેલા હતાં દારૂના ચપલા અને બોટલો!

## તાલુકા પોલીસની ટીમે પુનિત પાર્કમાં દરોડો પાડી ડ્રાઇવીંગ કામ કરતાં શખ્સને દબોચ્યોઃ દમણથી ડબ્બા લાવ્યાનું કથનઃ તપાસનો દોર ત્યાં સુધી લંબાશે




રાજકોટઃ શહેરમાં ગમે તેમ કરીને દારૂ ઘુસાડવા સપ્લાયરો, બૂટલેગરો સક્રિય થયા છે. આ માટે તેઓ અલગ અલગ પ્લાન બનાવી રહ્યા છે. પરંતુ પોલીસ સતત તેમના આવા કારનામાઓ પર પાણીઢોળ કરી રહી છે. તાજેતરમાં આઇશરના ચોરખાનામાં છુપાવીને ગોવાથી રાજકોટ લવાયેલો દારૂનો જથ્થો પીસીબીએ પકડ્યો હતો. ત્યાં હવે કલરના નાના બેરલો-ડબ્બાઓમાં કલરપુટ્ટી અને ભુસા વચ્ચે ચપલા, બોટલો છુપાવી દમણથી રાજકોટ લાવવામાં આવેલો દારૂનો જથ્થો તાલુકા પોલીસે ઝડપી લઇ એક શખ્સની ધરપકડ કરી વધુ પુછપરછ હાથ ધરી છે.

વિગતો પર નજર કરીએ શહેર તાલુકા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે મળેલી માહિતી પરથી પુનિતનગર પાસે પુનિતપાર્ક-૪માં રહેતાં નિલ મહેશભાઇ કાલરીયા નામના સત્યાવીસ વર્ષના શખ્સના ઘરે દરોડો પાડી તેને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી લીધો છે. ડ્રાઇવીંગ કરતો આ શખ્સ દમણથી કલરના ડબ્બાઓમાં પુટ્ટી અને ભુસા સાથે છુપાવેલા દારૂ સાથે પકડી લીધો હતો. તાલુકા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, કોન્સ. શિવભદ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા અને નિકુંજભાઇ મારવીયાને બાતમી મળતાં પુનિત પાર્ક-૪માં નિલ કાલરીયાના ઘરમાં દરોડો પાડી તેને રૂા. ૮૧૮૨૮ના દારૂ સાથે ઝડપી લીધો હતો.

પોલીસે દરોડો પાડતાં ઘરમાં દારૂ મળ્યો નહોતો. પરંતુ પાક્કી બાતમી હોઇ ઝીણવટભરી તપાસ કરતાં કલરના અલગ અલગ ૧૬ જેટલા પતરાના ડબ્બા જોવા મળ્યા હતાં. જે ઉપરથી જોતાં સીલ પેક હતાં. પોલીસે પતરાના સીલ તોડી આ ડબ્બા અંદર જોતાં ઉપર ઉપર થોડોઘણો કલરકામની પુટ્ટીનો ભુકો અને ભુસુ આ ડબ્બામાંથી નીકળ્યા હતાં. સાથે સાથે દારૂના ચપલા અને બોટલો નીકળી પડ્યા હતાં. આવા ડબ્બાઓમાંથી પોલીસે વનમોર ઓરેન્જ ફ્લેવરના વોડકાની ૭૫૦ એમએલની ૧૬૭૨૮ બોટલો, સ્ટર્લિંગ રીઝર્વની ૭૫૦ એમએલની ૭૫૨૪ની ૧૨ બોટલો, રોયલ સ્ટેગની ૭૫૦ એમએલની ૯૪૪૪ની ૧૨ બોટલો, આઇકોનીક વ્હાઇટ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૧૪૪૦૦ના ૯૬ ચપલા, સ્ટર્લિંગ રિઝર્વના ૧૮૦ એમએલના વ્હીસ્કીના ૭૨૦૦ના ૪૮ ચપલા, મેજીક મોમેન્ટના ૧૮૦ એમએલના રૂા. ૭૨૦૦ના ૪૮ ચપલા તથા રૂા. ૨૬૮૮ના બીયરના ૨૪ ટીન મળી કુલ રૂા. ૮૧૮૨૮નો દારૂ શોધી કાઢ્યો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ દારૂના જથ્થા સાથે ઝડપાયેલો નિલ ડ્રાઇવીંગ કરે છે. તે દમણ તરફથી આ દારૂ લાવ્યાનું રટણ કરતો હોઇ વિશેષ પુછતાછ હાથ ધરવામાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઇ ડી. એમ. હરીપરા, પીએસઆઇ એચ. એમ. મહારાજ, હેડકોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા, અજયભાઇ ભુંડીયા, કોન્સ. મયુરસિંહ જાડેજા, ભીખુભાઇ મૈયડ, નિકુંજભાઇ મારવીયા, શિવભદ્રસિંહ ગોહિલ, જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા, ઉગાભાઇ બાળા અને બલભદ્રસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. નિલે પહેલી જ વખત આ રીતે દારૂ લાવ્યાનું કહ્યું હોઇ તેની વિશેષ તપાસ માટે રિમાન્ડ મેળવવા કાર્યવાહી થઇ રહી છે. દમણથી જ આ પ્રકારના ડબ્બા તૈયાર કરીને આપવામાં આવ્યાનું તે કહેતો હોઇ તપાસનો દોર દમણ સુધી લંબાઇ શકે છે.

# સીટી બસના ૨૫ ડ્રાઈવરોએ ધર્યા રાજીનામા



## એજન્સી સાથે યોજાયેલી બેઠક સાર્થક ન નીવડતા ડ્રાઈવરોએ જવાબદારી છોડવા સહમતિ સાધી, તંત્રની વધી મૂંઝવણ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ ખાતે બસ દુર્ઘટનામાં ૪ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા. જેને ધ્યાને લઈ સમગ્ર રાજકોટમાં ઘણો ઉહાપો મચી ગયો છે. ત્યારે હવે ભવિષ્યમાં આ પ્રકારની ઘટના નો થાય તે માટે મહાનગરપાલિકા સફાળે જાગી છે. શહેરના ઈન્દિરા સર્કલ નજીક સર્જાયેલ બસ દુર્ઘટનામાં ચાર વ્યક્તિઓનો ભોગ લેવાતા હરકતમાં આવેલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દેવાયું છે. જેમાં સીટી બસમાં લગાડાયેલા કેમેરાના અપગ્રેડેશન માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સીટી બસ સર્વિસોમાં હાલ જે કેમેરા લગાવાયેલા છે તેમાં બસ ડ્રાઇવરોની મુવમેન્ટ યોગ્ય રીતે કેમેરામાં કંડારાતી ન હોય, કેમેરાની સિસ્ટમને અપગ્રેડેશન કરવાનું મ્યુનિ. કોર્પો.એ નિર્ણય લઇ આ અંગેની કાર્યવાહી આરંભી દીધી છે.

હાલના સીટી બસોના કેમેરામાં માત્ર સીમીત વિઝન જ દર્શાય રહ્યું હોય તમામ સીટી બસોમાં આ કેમેરાની સિસ્ટમને અપગ્રેડેશન કરવામાં આવશે તેમ મહાનગરપાલિકાના સુત્રોએ જણાવ્યું હતું. ઈન્દિરા સર્કલ નજીક સર્જાયેલ બસ દુર્ઘટના બાદ સીટી બસ સર્વિસોની ચકાસણી માટે મહાનગરપાલિકા દ્વારા અધિકારીઓની ટીમોને કામે લગાડી દેવામાં આવી છે. આ ઉપરાંત આ બસ દુર્ઘટનામાં કસુરવાર ડ્રાઈવર સામે પોલીસ દ્વારા આકરી કલમો લગાડાયાના પગલે સીટી બસ સર્વિસ ચલાવતા ૨૫ જેટલા ડ્રાઈવરોએ રાજીનામા ધરી દીધા છે.

ઈન્દિરા સર્કલ સીટીબસ અકસ્માતમાં લોકોએ ડ્રાઈવરને બેફામ માર મારતા અન્ય બસના ડ્રાઈવરોએ આ પ્રકારની દુર્ઘટના સર્જાઈ અને હુમલાનો ભોગ બને ત્યારે જવાબદારી કોની? તેવા અનેક પ્રશ્નોસાથે હડતાલ ઉપર ઉતર્યા હતા અને એજન્સી સાથે મીટીંગ યોજવાની હઠ પકડતા ગઈકાલે એજન્સીએ તંત્ર સાથે અને ડ્રાઈવરો સાથે મીટીંગ યોજેલ પરંતુ અકસ્માત દરમિયાન ડ્રાઈવરો પર થતા હુમલા સહિતના મુદ્દે મગનું નામ મરી ન પાડતા મ ા ર
નથી ખાવો તેવુ કહી આજે અંદાજે ૨૫થી વધુ ડ્રાઈવરોએ રાજીનામા આપી દેતા તંત્ર અને એજન્સી મુંજવણમાં મુકાઈ ગઈ છે.

મનપાના સુત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ સીટીબસ અકસ્માતની દુર્ઘટનામાં બસના ડ્રાઈવરનેઢોર માર મારવામાં આવેલ અને તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી છે. અકસ્માતના બીજા દિવસે માર મારવાનીઘટનાનો વિરોધ કરી સીટી બસના ૭૫થી વધુ રૂટ બંધ કરી ડ્રાઈવરો હડતાલ ઉપર ઉતરી ગયા હતા અને આ પ્રકારના અનેક મુદ્દે એજન્સી જવાબદારી ઉઠાવે તો નોકરી કરવી છે. તેમ જણાવેલ જેના લીધે ગઈકાલે એજન્સીના અધિકારીઓએ તંત્ર સાથે મીટીંગ યોજી એનક મુદ્દે ચર્ચા હાથ ધરી હતી.

પરંતુ ડ્રાયવરોના પ્રશ્નોનો ઉકેલ ન આવતા ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનાસર્જાય તો જવાબદાર એજન્સી હાથ ઉંચા કરી દે ત્યારે ડ્રાઈવરોને ભોગવવાનું આવે તેમ જણાવી આજે ૨૫થી વધુ સીટીબસ સ્ટેન્ડમાં મુકી ડ્રાઈવરોએ એજન્સીને રાજીનામા આપી દેતા મહાનગરપાલિકાના અધિકીરઓ અને એજન્સીના માણસોમાં દોડધામ મચી ગઈ હતી. આ લખાય છે ત્યારે બપોરે એજન્સી અને અધિકારીઓ દ્વારા ડ્રાઈવરોને સમજાવવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. છતાં આજની ઘટનાના પગલે આગામી દિવસોમાં વધુ ડ્રાઈવરો રાજીનામા આપેલ તેવુંલાગી રહ્યું છે.

### CCTV થશે અપગ્રેડ

હાલ જે ઘટના ઘટી તે બાદ મહાનગરપાલિકા દ્વારા ઈઈઝટ અપગ્રેડ કરવામાં આવશે. સીટી બસમાં જે ઈઈઝટ કેમેરા લાગ્યા છે તેનું પ્રોપર વિઝન આવતું ના હોવાની ઘણી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે શહેરના આઈવે પ્રોજેક્ટના અનેક કેમેરાઓ કાર્ય ન કરતા હોવાનં બહાર આવતા તંત્ર દ્વારા હવે તમામ સીટીબસના સીસીટીવી કેમેરાઓ અપગ્રેટ કરવાનો નિર્ણય લીધો છે. તેવી જ રીતે આઈવે પ્રોજેક્ટ અંતર્ગથ શહેરમાં ફીટ કરવામાં આવેલા ૧૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાનુંચેકીંગ કરી બંધ કેમેરાના સ્થાને નવા કેમેરા ફીટ કરી તેનું પણ અપગ્રેડેશન કરવામાં આવશે.



# મોરબી રોડ-ખેરડી જવાના રસ્તે બે એકર સરકારી જગ્યા ખુલ્લી

## ૧૦૦૦ ચોરસ મીટર સરકારી ખરાબાની જમીન પરના કુલ સાત ગેરકાયદેસર દબાણોને કરાયા જમીનદોસ્ત : કાલે પણ થશે ડિમોલીશન

રાજકોટ, તા. ૨૨

છેલ્લા ઘણા દિવસથી સમગ્ર રાજ્યભરમાં હાલ ગેરકાયદે દબાણો જે છે તેને દૂર કરવામાં આવી રહ્યા છે ત્યારે રાજકોટમાં તંત્ર દ્વારા હાલ સફાયો કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગઈકાલે કલેકટરના આદેશને ધ્યાને લઈ ફરી એક વખત રાજકોટ મોરબી રોડ પર આવેલી બેડી ચોકડી પાસે ૧૦ કરોડની અને અમદાવાદ હાઈવે પાસે આવેલા ખેરડી જવાના રસ્તે બે એકર સરકારી જગ્યા પર જે દબાણો ખડકી દેવામાં આવ્યા હતા તેને દૂર કરવામાં આવ્યા છે અને જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. કલેકટર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજકોટ-મોરબી રોડ પર બેડી ચોકડી પાસે રૂા.૧૦ કરોડ અને અમદાવાદ હાઈવે પર ખેરડી જવાના રસ્તે બે એકર સરકારી જમીન પર ખડકી દેવાયેલ દબાણ પર મામલતદારોની સુચનાથી બુલડોઝરની ધણધણાટી બોલાવવામાં આવતા પાનની દુકાનો, નોનવેજ રેસ્ટોરન્ટ, પંચની દુકાન અને એક મકાનને જમીન દોસ્ત કરવામાં આવ્યું હતું.

મામલતદાર એસ.જે. ચાવડા અને તેમની ટીમે ગઈકાલે સવારે બેડી ચોકડી પાસેના રે.સ.નં. ૨૭ પૈકીની આશરે ૧૦૦૦ ચોરસ મીટર સરકારી ખરાબાની જમીન પરના કુલ સાત ગેરકાયદેસર દબાણોને જમીનદોસ્ત કર્યા હતા. આ દબાણોમાં બુટ ભવાની, પાન એન્ડ કોલ્ડ્રીંકસ, શેરડીનો ચીચોડો, લાજવાબ નોનવેજ રેસ્ટોરન્ટ, લાજવાબ પાન અને કોલ્ડ્રીંકસ, સતગુરુ સ્કેપ અને એક પંચરનું કામચલાઉ સ્ટ્રક્ચરનો સમાવેશ થતો હતો. તંત્ર દ્વારા આ તમામ દબાણોને દૂર કરીને ૧૦ કરોડની જમીનને ખુલ્લી કરવામાં આવી હતી.

અગાઉ અનેક નોટિસો આપવા છતાં પણ દબાણ દૂર કરવામાં ન આવતા કોમર્શિયલ બાંધકાણો પર આજે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં બે એકર જેટલી સરકારી જમીન પરના ૧૦ પાનના થડા, ત્રણ વાડા અને એક પાકું મકાન સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આ જમીનની અંદાજિત કિંમત ૭ થી ૮ કરોડ થવા જઈ છે. આ દબાણ દૂર કરવાની કામગીરીમાં તાલુકા મામલતદાર મકવાણા, નાયબ મામલતદાર રઘુવીર સિંહ વાઘેલા,સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા,તેજ લુણાંગરીયા, તલાટી મંત્રી અને પોલીસ અધિકારીની ટીમ સ્થળ પર હાજર રહીને આ દબાણ દૂર કરવાની હાથ ધરવામાં આવી હતી.

આગામી દિવસોમાં હજુ પણ આ પ્રકારના જે દબાણ છે કે જે હાઈવે પર ખડકી દેવામાં આવ્યા હોય તેને દૂર કરવામાં આવશે હાલ સ્થાનિક પ્રસાશનનું એ જ માનવું છે કે આ પ્રકારના જે ગેરકાયદે દબાણ ઊભા થયેલા હોય તેને ઝડપભેર દૂર કરવામાં આવે અને સરકારી જગ્યા ખુલી કરાવાય આ તમામ મુદ્દાઓને જ્યારે લઈને હાલ અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો સ્થાનિક પ્રસાશન દ્વારા લેવામાં આવી રહ્યા છે અને તેને અનુરૂપ જ હાલ કામગીરી થઈ રહી છે. જરૂરી એ છે કે આવનારા દિવસોમાં મહાનગરપાલિકાની સાતો સાત કલેક્ટર વિભાગ દ્વારા પણ આ અંગે યોગ્ય અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવે કારણ કે હાઈવે પર ઘણી ખરી જગ્યા એવી છે કે જ્યાં દબાણો થયેલા હોય અને દબાણ છેલ્લા ઘણા સમયથી દૂર કરવામાં આવ્યા ન હોય અને તે તંત્ર માટે માથાનો દુખાવો બની ગયું હોય. આ તમામ કિસ્સાઓ ને ધ્યાને લઈ હાલ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી વિભાગ દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે ગઈકાલે અને તેના આગલા દિવસે જે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું તેનાથી એ વાત તો હવે સ્પષ્ટ થઈ ચૂકી છે કે આવનારા દિવસોમાં જે હાઈવે પરના દબાણો છે તેને તાકીદે દૂર કરવા માટે હાલ તમામ જરૂરી પગલાઓ લેવાશે.

વેપાર-ધંધાને બદલે પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી પર ઓનલાઈન જૂગારની ગેમની લિંક મુકી લોકોને જૂગાર રમવા પ્રોત્સાહીત કરી કમાણી કરતાં હોવાનો આરોપ

# ચેતી જજો : છ ઈન્ફલુએન્સરને લાગ્યું જૂગારીનું લેબલ

## શહેર સાયબર ક્રાઈમ પોલીસે અગાઉ બે સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર સામે કાર્યવાહી કર્યા બાદ વધુ છ આવા પકડાયાઃ ખોટા રસ્તે ગજવા ભરનારાઓમાં ફફડાટ

રાજકોટ તા. ૨૨

રાજકોટમાં કે આસપાસમાં ફલાણી ઢીકણી જગ્યાએ ચાલતા પંજાબી ચાઈનીઝના ધાબા, કાઠીયાવાડી ભોજનાલયો કે પછી બીજા વેપાર-ધંધાઓના સ્થળે પહોંચી તેમના વેપાર ધંધાની આગવી સ્ટાઇલમાં વિડીયો બનાવી જાહેરાત કરતાં સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર પોતાની આવડતથી નીતનવા વિડીયો બનાવી લોકોના વેપાર-ધંધામાં તેજી આવે તેવા પ્રયાસ કરે છે. આવા વિડીયો બનાવી પોતાની આઈડી પર વાયરલ કરવાના ચાર્જ પણ તેઓ વસુલે છે અને સાચા રસ્તે કમાણી કરે છે. પરંતુ કેટલાક આવા ઈન્ફલુએન્સર જાહેરાતના નામે ઓનલાઇન જૂગારની એપનો પ્રચાર કરી તગડી કમાણી કરતાં હોવાનું ધ્યાને આવતાં શહેર સાયબર ક્રાઇમ પોલીસે ઝુંબેશ શરૂ કરી શરૂઆતમાં આવા બે ઈન્ફલુએન્સર સામે જૂગારધારાના બે ગુના નોંધી ધરપકડ કર્યા બાદ આવા વધુ છ જણાને પકડી જૂગારધારાનો ગુનો દાખલ કર્યો છે.

ઈન્ફલુએન્સર તરીકે કામ કરતાં વધુ છ લોકોને જૂગારની લેબલ લાગી ગયાની કાર્યવાહીની વિગતો પર નજર કરીએ તો સાયબર ક્રાઇમ પોલીસે વધુ છ ગુના દાખલ કર્યા છે તેમાં કાલાવડ રોડ જડુસની પાછળ રહેતાં નિલેષ મનસુખભાઇ ચાવડા નામના અઠ્ઠાવસ વર્ષના સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર સામે જુગારધારાની કલમ ૧૨-એ મુજબ પોતાની ઈન્સ્ટાગ્રામ આઇડી નિલચાવડા ઓફિશીયલ પ્રોફાઇલ પર રાજાગેમ નામની ઓનલાઇન બેટીંગની વેબસાઇટની લિંક મુકી લોકોને ગેમીંગ રમવા પ્રોત્સાહન પુરો પાડવાનો ગુનો નોંધાયો છે. નીલે પોતાની આઇડીમાં મુકેલી જૂગારની ગેમને લગતી લિંક ખોલતાં જ લોટરી સ્પોર્ટસ કેસીનો સ્લોટ્સ વગેરે ગેમ્બલીંગ રમવા માટેનું પેજ ઓપન થાય છે. આ જ રીતે નવાગામ આણંદપર સાત હનુમાન સામે રહેતાં ભાવેશ મુકેશભાઇ રાઠોડ નામના પચ્ચીસ વર્ષના યુવાનએ પોતાની ઈન્સ્ટાગ્રામ આઇડીમાં ઓનલાઇન જૂગારની સ્કાય૩૬૫ ગેમ્સ નામની લિંક મુકી છે. તે ઓપન કરતાં જૂગાર રમવા માટે પ્રોત્સાહન મળે છે. આ લિંક પોતાની આઇડી પર મુકી પ્રમોશન કરવાનો ચાર્જ તે વસુલતો હોઇ રૂા. ૮૦નો ફોન કબ્જે કરાયો છે.

તેમજ રાજકોટના શુકલ પીપળીયા ગામે રહેતો લક્ષ્મણ સુરેશભાઇ જંજવાડીયા નામના ત્રીસ વર્ષના



બાપલીયાવ, મારા વાલીડાવ હજી પણ ચેતી જાજો, આવા ધંધા બંધ કરી દેજો...પછી કે'તા નહિ કે અમે પકડાઇ ગ્યા!

ઈન્ફલુએન્સરે પોતાની ઈન્સ્ટાગ્રામ આઇડી પર સ્કાય૩૬૫ નામની ઓનલાઇન ગેમીંગની લિંક મુકી તેનો ચાર્જ વસુલી લોકોને જૂગાર રમવા પ્રોત્સાહન આપતો હોઇ તેની સામે પણ જૂગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી તેનો ૪૦ હજારનો ફોન કબ્જે કરાયો છે. આ ઉપરાંત જંગલેશ્વર મેઇન રોડ રાધાકૃષ્ણનગર-૫માં રહેતો વિજય મનસુખભાઇ મજેઠીયા નામનો બત્રીસ વર્ષનો સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર પણ પોતાની ઈન્સ્ટાગ્રામ આઇડી પર સ્કાય૩૬૫ નામની ઓનલાઇન ગેમીંગની લિંક મુકી જૂગાર રમવાનો પ્રચાર કરતો હોઇ ગુનો નોંધી ધરપકડ કરવા અને મોબાઇલ ફોન રૂા. ૩૫ હજારનો કબ્જે કરવા કાર્યવાહી થઇ હતી.

સાયબર ક્રાઇમ પોલીસે પાંચમો ગુનો કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર-૧૨માં રહેતાં સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર સાગર કિશોરભાઇ છૈયા સામે દાખલ કર્યો હતો. સાગર પોતાની ઈન્સ્ટાગ્રામ આઇડીમાં સ્કાય૩૬૫ નામની ઓનલાઇન ગેમીંગની લિંક મુકી જૂગાર રમવા લોકોને પ્રોત્સાહીત કરતો હોઇ તેની સામે પણ જૂગારધારાનો ગુનો નોંધી છ હજારનો ફોન કબ્જે કરાયો હતો. તેમજ છઠ્ઠો ગુનો આરટીઓ પાછળ શ્રીરામ સોસાયટી-૧માં રહેતાં ઇલેશ કિશોરભાઇ ડેરવાડીયા નામના વીસ વર્ષના ઈન્ફલુએન્સર સામે નોંધાયો છે. તે પોતાની આઇડી પર ૧૧વિન નામની ઓનલાઇન જૂગારની ગેમની લિંક મોકલી ચાર્જ વસુલતો હોઇ જુગારધારા હેઠળ ગુનો નોંધી ૪૦ હજારનો ફોન કબ્જે કરાયો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ચેતન પટેલની રાહબરીમાં પીઆઇ સાયબર ક્રાઇમ એસ. ડી. ગીલવા, પીઆઇ એમ. એ. ઝણકાત, એએસઆઇ એફ. એ. શેખ, વી. એન. કુછડીયા, હેડકોન્સ. વાય. જે. ગોહિલ સહિતની ટીમે ફરિયાદો દાખલ કરી હતી. પરમ દિવસે સાયબર ક્રાઇમ પોલીસે ઈન્ફલુએન્સર ધાર્મિક જગશીભાઈ વાઘાણી (રહે. માલીયાસણ મેઈન બજાર, રાજકોટ) તથા આ ઉપરાંત બીજા એક સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર દીપ મનોજભાઈ ગોસ્વામી (રહે. તથ્ય બંગલો નં.૧૫, રેલનગર, રાજકોટ) વિરૂધ્ધ ગુના નોંધી ધરપકડ કરી હતી. આ ઝુંબેશ હજુ પણ યથાવત રહેશે. તો મારા વાલીડાવ, મારા બાપલીયાવ હજુ પણ ચેતી જજો, જો ઈન્સ્ટા આઇડીનો ખોટો ઉપયોગ કરી આ પ્રકારે જૂગારની લિંકનો પ્રચાર કરતાં હોય તો બંધ થઇ જજો, પછી કહેતાં નહિ કે અમે પકડાઇ ગયા!